dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 33 । AD - 2026, Aso Vad - 08 । Monday, Dt. 02-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ચૂંટણીલક્ષી ગેરરીતિઓ સામે વિપક્ષી નેતાઓના આકરા પ્રહારો

દિલ્હીના રામલીલા મેદાનમાં 'ઈન્ડીયા' ગઠબંધનની મહા રેલી

દિલ્હી,તા.૦૧

દિલ્હીના રામલીલા મેદાન ખાતે 'ઈન્ડીયા' ગઠબંધન દ્વારા 'મત બચાવો, દેશ બચાવો' સૂત્ર હેઠળ એક વિશાળ મેગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણીલક્ષી ગેરરીતિઓ, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે યોજાયેલી આ રેલીમાં વિપક્ષના ૧૯ પક્ષોના વરિષ્ઠ નેતાઓ, કાર્યકરો અને વિદ્યાર્થી સંગઠનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.રેલીને સંબોધતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર, બિહાર તથા ઉત્તર પ્રદેશની સરકારોને 'ચોરીની સરકારો' ગણાવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરીને વિપક્ષી નેતાઓને ડરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને વડાપ્રધાન મોદી સત્તા છોડે તો જ દેશમાં લોકશાહી બચી શકશે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનરે રાજીનામું આપવું



પડશે, કારણ કે ૨૦૨૪ પછી કરોડો મતદારોના નામ યાદીમાંથી હટાવીને લોકશાહી સાથે મોટો અન્યાય કરવામાં આવ્યો છે.સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આગામી સમયમાં ભાજપને સત્તામાંથી દૂર કરવાનો દાવો કર્યો હતો, જ્યારે આરજેડી નેતા તેજસ્વી યાદવે તેને મત ચોરો સામે 'મહાભારત'નું યુધ્ધ ગણાવ્યું હતું. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ પણ ભાજપ પર બંધારણીય સંસ્થાઓના દુરુપયોગનો આરોપ લગાવીને લોકશાહીના રક્ષણ માટે અંત સુધી લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

રાહુલ ગાંધી લોકશાહીના નામે અરાજકતા ફેલાવવા માગે છેઃ જે. પી. નડ્ડા

દિલ્હીના રામલીલા મેદાનમાં 'ઈન્ડીયા' ગઠબંધનની રેલી પર આકરા પ્રહારો કરતા કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ તેને લોકશાહીના નામે અરાજકતા ફેલાવવાનું કાવતરું ગણાવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે વારંવાર જનતા દ્વારા નકારાયેલા વિપક્ષી નેતાઓ સુનિયોજિત નાટક કરી રહ્યા છે. જે. પી. નડ્ડાએ રાહુલ ગાંધીના અરાજકતા મોડેલ અને ૧ નવેમ્બરના કાર્યક્રમના ચાર મુખ્ય ઉદ્દેશ્યો દર્શાવ્યા હતા. જેમા શીખ ભાઈઓના ઘા પર મીઠું છાંટવું, દિલ્હીમાં અરાજકતા ફેલાવીને ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવી, તહેવારોની મોસમમાં વેપારીઓની આજીવિકાને નુકસાન પહોંચાડવું અને વૈશ્વિક સ્તરે દેશને બદનામ કરવો. તેમણે ઉમેર્યું કે ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીએ વેપાર બચાવવા માટે વિનંતી કરી હોવા છતાં વિપક્ષે ધંધા ઠપ્પ કર્યા છે. ભારત એક મજબૂત લોકશાહી છે અને આ રેલી કોંગ્રેસના રાજકીય પતનનું કારણ બનશે.

નીતિન નવીને શીખ સમુદાય પર થયેલા હત્યાકાંડ મુદ્દે કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહારો

રોહતક,તા.૦૧

હરિયાણાના રોહતકમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'લોકશાહી બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાનું નેતૃત્વ કરતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. સેંકડો કાર્યકરોની હાજરીમાં તેમણે જણાવ્યું કે કોંગ્રેસે શીખ સમુદાય પર થયેલા અત્યાચારો, હત્યાકાંડ અને બલિદાનોનું પ્રાયશ્ચિત કરીને માફી માંગવી જોઈતી હતી. તેના બદલે આજે તે જ પક્ષ વિરોધ પ્રદર્શનો યોજીને પીડિતોના જખમો તાજા કરી રહ્યો



છે.

તેમણે રાહુલ ગાંધીને આડે હાથ લેતા સવાલ કર્યો કે જ્યારે ૧૯૮૪માં શીખ ભાઈઓનો નરસંહાર થઈ રહ્યો હતો, ત્યારે તત્કાલીન વડાપ્રધાને 'મોટું ઝાડ પડે ત્યારે ધરતી ધ્રુજે છે' તેવું નિવેદન આપ્યું હતું. તે માનસિકતાના કારણે અનેક નિર્દોષ શીખોએ જીવ ગુમાવ્યા હતા. નીતિન નવીને ઉમેર્યું કે લોકશાહીમાં ચૂંટણી હાર્યા બાદ કોંગ્રેસ હતાશ થઈને બંધારણીય સંસ્થાઓને દોષ આપી રહી છે. વાસ્તવમાં કોંગ્રેસ જ વંશવાદ ચલાવીને બંધારણના પાના ફાડી રહી છે.

ઈન્દિરા ગાંધીના સમયની ચૂંટણી ગેરરીતિઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે સરકારી મશીનરીનો દુરુપયોગ કરવો એ કોંગ્રેસનો જૂનો વારસો છે. મતદાર યાદીઓમાંથી કાઢી નાખવામાં આવેલા મતો અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે ભાજપ તમામ મતોનો હિસાબ આપવા તૈયાર છે. કોંગ્રેસ દેશમાં અરાજકતા ફેલાવીને દેશવિરોધી અને ઘૂસણખોરોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ ભાજપ દેશની લોકશાહી અને જનાદેશનું રક્ષણ કરવા માટે સતત લડતી રહેશે.

દિલ્હીમાં વાયુપ્રદૂષણ રોકવા ૫૦% કર્મચારીઓને ઘરેથી કામ કરવાની છૂટ

નવી દિલ્હી,તા.૦૧

દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં શિયાળા દરમિયાન વધતા વાયુ પ્રદૂષણને અટકાવવા માટે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ આદેશ અનુસાર, ૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી દિલ્હી સહિત ગુરુગ્રામ, ફરીદાબાદ, સોનીપત, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગર જિલ્લાની સરકારી તથા ખાનગી કચેરીઓમાં મહત્તમ ૫૦% કર્મચારીઓને



જ ઓન-સાઈટ કામ કરવાની છૂટ રહેશે, જ્યારે બાકીના કર્મચારીઓએ ઘરેથી કામ (WFH) કરવાનું રહેશે.

આ ઉપરાંત, આ સમયગાળા દરમિયાન ધૂળ ફેલાવતી તમામ આઉટડોર બાંધકામ અને તોડી પાડવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેમાં રસ્તા, હાઈવે, ફ્લાયઓવર, પાઈપલાઈન અને ટેલિકોમ સંબંધિત કામગીરી સ્થગિત રહેશે. જોકે, રેલ્વે, મેટ્રો, હોસ્પિટલો, એરપોર્ટ, પાણી પુરવઠો અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સને આ નિયંત્રણોમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમજ આવશ્યક સેવાઓ અને ઔદ્યોગિક એકમોને પણ આમાંથી છૂટછાટ મળશે.૨૦૧૮ થી ૨૦૨૫ સુધીના હવામાન ડેટાના વિશ્લેષણ બાદ આ નિર્ણય લેવાયો છે. નવેમ્બરમાં ધીમી પવનની ગતિ અને પરાળી બાળવાને કારણે હવાની ગુણવત્તા ગંભીર બને છે. સાથે જ, ૧ નવેમ્બરથી BS-૬ ધોરણો પૂર્ણ ન કરતી ગાડીઓના દિલ્હી પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

જૈશ-એ-મોહમ્મદે ભરતી વધારવા માટે એઆઈનો સહારો લીધો

નવી દિલ્હી,તા.૦૧

પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) પોતાના વડા મસૂદ અઝહરના નકલી ઓડિયો અને વીડિયો બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓ મુજબ, 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારે નુકસાન બાદ સંગઠનમાં ઘટેલી નવી ભરતીને પુનઃજીવિત કરવા માટે આ કાવતરું રચવામાં આવ્યું છે. AI-જનરેટેડ વીડિયોમાં મસૂદ



અઝહરને સક્રિય દર્શાવીને યુવાનોને સંગઠનમાં જોડાવા અને ભારત સામે જેહાદ કરવા માટે ઉશ્કેરવામાં આવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના જણાવ્યા અનુસાર, મસૂદ અઝહર લાંબા સમયથી જાહેરમાં દેખાયો નથી અને તેનું સ્વાસ્થ્ય પણ લથડી રહ્યું છે. બહાવલપુરમાં જૈશના મુખ્યાલયના વિનાશ અને તેના નજીકના સંબંધીઓના મોત બાદ ટોચના નેતૃત્વની નિષ્ક્રિયતાથી નવા સભ્યોનો વિશ્વાસ ડગમગી ગયો હતો. જૂના વીડિયો સરળતાથી ઓળખાઈ જતા હોવાથી, જૈશે હવે ડીપફેક ટેકનોલોજીનો આશરો લીધો છે.આ પ્રચાર અભિયાન મુખ્યત્વે ઓછા શિક્ષિત કાર્યકરો અને યુવાનોને લક્ષ્ય બનાવીને ચલાવાઈ રહ્યું છે, જેથી તેઓ અસલી અને નકલી વીડિયો વચ્ચેનો તફાવત સમજી ન શકે. અગાઉ ઈસ્લામિક સ્ટેટ અને અલ-કાયદા જેવા સંગઠનો AI નો ઉપયોગ કરી ચૂક્યા છે, જ્યારે જૈશ હવે આ ટેકનોલોજી દ્વારા પોતાની છબી સુધારવા અને નેતૃત્વની કટોકટી છુપાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યું છે.

પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા આપને મોટો ફટકોઃ ૨ ધારાસભ્યોએ રાજીનામું આપ્યું


પટિયાળા,તા.૦૧


પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી (AAP) ને મોટો આંચકો લાગ્યો છે. પટિયાલાના સનૌરના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા અને સમાનાના ધારાસભ્ય તથા પૂર્વ મંત્રી ચેતન સિંહ જૌડામાજરાએ આમ આદમી પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે.

આ રાજીનામા એવા સમયે આવ્યા છે જ્યારે આપે ૨૦૨૭ની પંજાબ ચૂંટણી માટે ૪૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે, જેમાં મુખ્યમંત્રી ભગવંત માન ધુરીથી ચૂંટણી લડશે.

બીજી તરફ, ભાજપ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે પંજાબ પ્રવાસ દરમિયાન ડ્રગ્સના વધતા દૂષણ મુદ્દે આપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પંજાબને ડ્રગ્સ મુક્ત બનાવવાનું વચન આપતાં ઉમેર્યું હતું કે આપે ત્રણ મહિનામાં ડ્રગ્સ ખતમ કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ પરિસ્થિતિ વધુ વણસી છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૦૨-૧૧-૨૦૨૬

નાજાપુરમાં પુલના કામ દરમિયાન ડાઈવર્ઝન બોર્ડનો અભાવ

નાજાપુર તા.૦૧

નાજાપુર ગામમાં પુલનું કામ ચાલી રહ્યું છે, પરંતુ કામના સ્થળે વાહનચાલકોને યોગ્ય માર્ગદર્શન મળે અને સંભવિત અકસ્માતો અટકાવી શકાય તે માટે જરૂરી ડાઈવર્ઝન બોર્ડ મૂકવામાં આવ્યું ન હોવાથી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. મળતી માહિતી મુજબ, પુલનું કામ શરૂ કરવામાં આવ્યું ત્યારે ડાઈવર્ઝન અંગેનું નાનું બોર્ડ મૂકવામાં આવ્યું હતું, પરંતુ માત્ર બે દિવસમાં જ તે નીકળી ગયું હતું. ત્યારબાદ આજદિન સુધી સ્થળ પર યોગ્ય ડાઈવર્ઝન બોર્ડ મૂકવામાં આવ્યું નથી. આ ગંભીર બાબતે નાજાપુરના જાગૃત નાગરિક કૌશિક પાનસૂરિયાએ સંબંધિત અધિકારીઓને જાણ કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું છે. તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે કે શું? ડાઈવર્ઝન બોર્ડના અભાવે જો કોઈ અકસ્માત સર્જાય અને જાનહાનિ થાય તો તેની જવાબદારી કોની રહેશે? તેવા સવાલો સ્થાનિક લોકોમાં ચર્ચાઈ રહ્યા છે. વિકાસનાં કામોની સાથે નાગરિકોની સુરક્ષા જાળવવી પણ એટલી જ જરૂરી છે. ત્યારે સંબંધિત અધિકારીઓ તાત્કાલિક સ્થળની મુલાકાત લઈ ડાઈવર્ઝન બોર્ડ, ચેતવણીનાં બોર્ડ અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરે તેવી કૌશિક પાનસૂરિયાએ માગણી કરી છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં સાવચેતીનાં પગલાં લઈ શકાય.



વાહનચાલકોની સુરક્ષા સામે જોખમ, તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં રોષ

દુષ્કાળ રાહત પેકેજના વિરોધમાં આજે આમ આદમી પાર્ટી અમરેલીમાં આવેદનપત્ર આપશે

અમરેલી,તા.૦૧

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે જાહેર કરવામાં આવેલા દુષ્કાળ રાહત પેકેજને અપૂરતું ગણાવી આમ આદમી પાર્ટી, અમરેલી જિલ્લા દ્વારા વિરોધ નોંધાવવામાં આવશે. ખેડૂતોને પૂરતું વળતર મળે તેમજ ખેતમજૂરો, ભાગિયાઓ અને પશુપાલકોને પણ યોગ્ય સહાય અને ન્યાય મળે તેવી માંગ સાથે સોમવાર, તા. ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી જિલ્લા કલેક્ટર મારફતે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો, પક્ષના કાર્યકરો, હોદ્દેદારો અને ન્યાયપ્રેમી નાગરિકોને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે. કાર્યક્રમનું પ્રસ્થાન આમ આદમી પાર્ટીના અમરેલી જિલ્લા કાર્યાલય, જૂના માર્કેટ યાર્ડ રોડ, યાર્ડના મુખ્ય દરવાજા પાસેથી થશે. ખેડૂતોને અન્યાય બંધ કરી પૂરતું વળતર આપવા માટે પક્ષ દ્વારા લડત ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે. તેમ અમરેલી જિલ્લા મહામંત્રી હિરેન વિરડીયાએ જણાવ્યું છે.

ખેડૂતો, ખેતમજૂરો, ભાગિયાઓ અને પશુપાલકોને પૂરતું વળતર આપવાની માંગ

સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે સાવરકુંડલામાં એકતા યાત્રા યોજાઈ

સાવરકુંડલા,તા.૦૧

સાવરકુંડલામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં રિદ્ધિ-સિદ્ધિ મંદિરથી શરૂ થયેલી યાત્રા નગરપાલિકા ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રામાં નગરપાલિકાના પદાધિકારીઓ, ભાજપના આગેવાનો, યુવાનો, મહિલાઓ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. દેશભક્તિના નારાઓ સાથે સરદાર પટેલના અખંડ ભારતના સંદેશને યાદ કરવામાં આવ્યો હતો.



ધારીના રામપરા ગામે લાંબા સમયથી આતંક મચાવતો દીપડો પાંજરે પુરાયો

ફોરેસ્ટ વિભાગની કામગીરીથી ભયભીત ગ્રામજનોને મળી મોટી રાહત

ધારી,તા.૦૧

ધારી તાલુકાના રામપરા ગામમાં છેલ્લા ઘણા સમયથી દીપડાની અવરજવરને કારણે ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો હતો. દીપડાના સતત ત્રાસથી સ્થાનિક લોકોમાં ભય ફેલાયો હતો. ત્યારે આજે ફોરેસ્ટ વિભાગ દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરી રામપરા ગામ નજીક નદીના કાંઠેથી દીપડાને પકડી લેવામાં આવ્યો હતો. લાંબા સમયથી ગામ અને આસપાસના વિસ્તારમાં દીપડાની અવરજવરને કારણે ગ્રામજનોમાં ફફડાટ જોવા મળતો હતો. દીપડાને પકડવા માટે ફોરેસ્ટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી સફળ થતાં ગ્રામજનોને મોટી રાહત મળી છે. દીપડો પાંજરે પુરાતાં સ્થાનિક લોકોમાં ખુશીની લાગણી પ્રસરી છે. આ કામગીરીને પગલે ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. લાંબા સમયથી ચાલતી ભયની સ્થિતિનો અંત આવતાં ગામમાં શાંતિનો માહોલ જોવા મળી રહ્યો છે.



મોટા ભંડારીયા ગામે વિકાસકાર્યોનું કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ

અમરેલી, તા.૦૧

અમરેલી તાલુકાના મોટા ભંડારીયા ગામે આરસીસી રોડ અને ગટરનાં વિકાસકાર્યોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સતાધારના મહંત વિજયબાપુએ આશીર્વચન પાઠવ્યાં હતાં. આ તકે ખેડૂત અગ્રણી જયસુખભાઈ કસવાલા, ગ્રામ પંચાયતની બોડીના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



સા.કુંડલા નગરપાલિકાએ કિંમતી સરકારી જમીન પર કબ્જો જમાવનારાઓને છાવર્યા

સાવરકુંડલા,તા.૦૧

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકાની પક્ષપાતી નીતિ સામે પ્રજામાં તીવ્ર રોષ ફાટી નીકળ્યો છે. એક તરફ સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના નાના વેપારીઓના છાપરા, લારી કે ઓટલા પર તંત્ર નિર્દયતાથી બુલડોઝર ફેરવી દે છે, તો બીજી તરફ શહેરની મધ્યમાં આવેલી કરોડો રૂપિયાની ૨૮,૧૭૬ ચોરસ મીટર સરકારી જમીન પર કબ્જો જમાવીને બેઠેલા મોટા માથાઓ સામે કાર્યવાહી કરવામાં પાલિકા સાવ નિષ્ફળ નીવડી છે.ગામમાં રસ્તા પર ઊભેલી સામાન્ય લારી કે ઓટલો હટાવવામાં સહેજ પણ દયા ન દાખવતી પાલિકા, સુપ્રીમ કોર્ટે આખી જમીન ખાલી કરવાનો આદેશ આપ્યો હોવા છતાં ત્યાં વર્ષોથી ધમધમતી ખાનગી દુકાનો ખાલી કરાવવા માત્ર દર વર્ષે એક નોટિસ આપીને આંખ આડા કાન કરે છે. એટલું જ નહીં, આ દુકાનો ખાલી કરાવવાને બદલે અંદરોઅંદર ઠરાવો કરીને ખાનગી કબજેદારોને જ ભાડે આપી નિયમિત (કાયદેસર) કરી દેવાની પેરવી કરી હોવાનું સામે આવ્યું છે! નાના માણસોની રોજીરોટી છીનવતી અને સુપ્રીમ કોર્ટના આદેશનો અનાદર કરી કરોડોની સરકારી જમીન પર બેઠેલા મળતિયાઓને છાવરતી નગરપાલિકાની આ નીતિ સામે નગરમાં ભારે આક્રોશ ફેલાયો છે અને જવાબદાર અધિકારીઓ સામે કડક તપાસની માંગ ઊઠી છે.



ધારી સિવિલ હોસ્પિટલ ખાતે બજરંગ ગ્રુપ દ્વારા વિનામૂલ્યે મેડિકલ કેમ્પ યોજાયો

ધારી, તા.૦૧


ધારીની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા ધારી સિવિલ હોસ્પિટલ ખાતે પ્લાસ્ટિક સર્જરી અને શારીરિક ખોડખાંપણ ધરાવતા લોકો માટે વિનામૂલ્યે મેડિકલ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં બહારથી આવેલા સ્કિન સ્પેશિયાલિસ્ટ સહિત વિવિધ રોગોના નિષ્ણાંત તબીબોએ હાજરી આપી દર્દીઓની તપાસ કરી હતી. આર્થિક રીતે નબળા અને રોગોથી પીડાતા લોકોને વિનામૂલ્યે સારવાર મળી રહે તે હેતુથી આયોજન કરાયું હતું. આ પ્રસંગે બજરંગ ગ્રુપના પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્યો, આગેવાનો, વેપારીઓ અને રાજકીય આગેવાનોએ સહયોગ આપ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.



વડિયા પોલીસ સ્ટેશનના ASI મહેશદાન ગઢવી નિવૃત્ત થતાં વિદાયમાન અપાયું

વડિયા,તા.૦૧

વડિયા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા મહેશદાન ગઢવી નિવૃત્ત થતાં વડિયા પોલીસ સ્ટેશન ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. પીઆઈ પી.ડી. ગોહિલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, પોલીસ કર્મચારીઓ અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ મોમેન્ટો, શ્રીફળ, સાફો અને શાલ ઓઢાડી તેમનું સન્માન કરી નિવૃત્તિની શુભેચ્છાઓ પાઠવી હતી. પીઆઈ ગોહિલે અનુભવી કર્મચારીની ખોટ પોલીસ પરિવારને કાયમ વર્તાશે તેમ જણાવ્યું હતું. અંતે મહેશદાન ગઢવીએ આભાર વ્યક્ત કર્યો હતો અને સૌએ સાથે ભોજન લીધું હતું.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

લીલીયામાં સરકારી તાલુકા ગ્રંથાલયનું ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે લોકાર્પણ

લીલીયા,તા.૦૧



લીલીયા ખાતે ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે સરકારી તાલુકા ગ્રંથાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ રિબીન કાપીને ગ્રંથાલય ખુલ્લું મૂક્યું હતું. ગ્રંથાલય શરૂ થતાં લીલીયા અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ, યુવાનો, શિક્ષકો તથા નાગરિકો માટે વાંચન અને અભ્યાસની નવી સુવિધા ઉપલબ્ધ બની છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને વિવિધ પુસ્તકો, દૈનિક અખબારો અને અભ્યાસ સામગ્રીનો લાભ મળશે.આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ધાનાણી, જિલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજ, વિપક્ષના નેતા રણજીતભાઈ ખુમાણ, ભાવનગર વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. આર.ડી. પરમાર સહિત અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વાંચન સંસ્કૃતિ વિકસાવવા અને ગ્રંથાલયની સુવિધાનો મહત્તમ લાભ લેવા સૌને અપીલ કરી હતી.

બાબરાના કલોરાણા ગામે નવા પંચાયત ભવનનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

પંચાયત ભવનના નવનિર્માણથી ગ્રામજનોને વધુ એક આધુનિક સરકારી સુવિધાનો લાભ મળશે

બાબરા,તા.૦૧



બાબરા તાલુકાના કલોરાણા ગામે ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે પૂજનવિધિ સાથે નૂતન પંચાયત ભવનનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ આધુનિક ભવન ગામના વહીવટી અને વિકાસ કાર્યો માટે મુખ્ય કેન્દ્ર બનશે, જેનાથી ગ્રામજનોને સરકારી યોજનાઓ, અરજી પ્રક્રિયા અને બેઠકો માટે ઉત્તમ સુવિધા મળશે. સંબોધનમાં ધારાસભ્યએ જણાવ્યું કે સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ છે અને રસ્તા, પાણી, સ્વચ્છતા તેમજ શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓને અગ્રતા આપી રહી છે. સરપંચે જૂના મકાનની મર્યાદાઓ વર્ણવી આ નવા ભવનને ગામ માટે આશીર્વાદરૂપ ગણાવી આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં પંચાયતના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સા.કુંડલાના મમતા ઘરમાં સરદાર જયંતિની ઉજવણી

સાવરકુંડલા,તા.૦૧



સાવરકુંડલામાં ૩૧ ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે મમતા ઘર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના પ્રાચાર્ય નિલેશભાઈ ચાંપાનેરી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. બાળવાર્તાકાર વાસુદેવભાઈ સોઢાએ વાર્તાઓ સંભળાવી અને સુધીરભાઈ મહેતાએ બાળગીતો ગવડાવ્યાં હતાં. ડૉ. અભિજીત જેબલીયાએ બાળકોની નિઃશુલ્ક દંતતપાસ કરી હતી તથા દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયાં હતાં.

રાજુલામાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી, શસ્ત્રપ્રદર્શન યોજાયું

રાજુલા,તા.૦૧



તસવીર : ગોપાલ રાઠોડ

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાજુલાના ઉદ્યોગ મંદિર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૨૧, બાલાનીવાવ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડીવાયએસપી આર.પી. પટેલે ઉપસ્થિત મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને નગરજનોને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ પોલીસ જવાનો દ્વારા શિસ્તબધ્ધ માર્ચપાસ્ટ યોજાઈ હતી. વિવિધ શસ્ત્રોના પ્રદર્શનથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં ભાવેશભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર સહિત અગ્રણીઓ, પોલીસ અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજુલામાં પ્રથમવાર યોજાયેલા કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો હતો.

ઊંટવડ ખાતે સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી કરાઈ

બાબરા,તા.૦૧



ઊંટવડ ખાતે દેશની અખંડિતતા અને એકતા માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે સરદાર પટેલ ગાર્ડન ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ યોજાયેલી એકતા યાત્રામાં ઉત્સાહભેર સહભાગી થવાનો અવસર મળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય હિતેશભાઈ કલકાણી, તાલુકા પંચાયતના સદસ્ય ભરતભાઈ બુટાણી, ગામના સરપંચ, આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રામપર ગામમાં સરદાર પટેલની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી

અમરેલી, તા.૦૧



રામપર ગામમાં આજરોજ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગામના સરપંચ બાબુભાઈ અમદાવાદીની આગેવાની હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં રામપર ગ્રામ પંચાયતના મંત્રી જાદવભાઈ, શાળાના શિક્ષકગણ, આંગણવાડી કાર્યકરો, હેલ્થ વર્કર, ગામના આગેવાનો, ગ્રામજનો તેમજ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ એકતા યાત્રા યોજી હતી. યાત્રા દરમિયાન સરદાર પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવભીની શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ શાળામાં સ્માર્ટ ટીવીના માધ્યમથી લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ગામમાં ઉત્સાહભેર એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલીમાં સાવરકુંડલા બાયપાસ પર અકસ્માતમાં યુવક ઈજાગ્રસ્ત

અમરેલી, તા.૦૧

અમરેલી-સાવરકુંડલા બાયપાસ રોડ પર બેફામ દોડતી ભારવાહક રિક્ષાના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી બાઈકને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી રિક્ષાચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે રામજીભાઈ ભુપતભાઈ ડાભી (ઉ.વ.૪૦) એ અજાણ્યા રિક્ષાચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના ભત્રીજા મૃતક અર્જુનભાઈ છગનભાઈ ડાભી પોતાના હવાલાવાળું મોટરસાયકલ લઈને સાવરકુંડલા બાયપાસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન આગળ જઈ રહેલી એક ભારવાહક રિક્ષાના ચાલકે કોઈપણ પ્રકારની સાવચેતી રાખ્યા વગર બેફિકરાઈથી અચાનક વળાંક લીધો હતો. આ દરમિયાન રિક્ષાનું સ્ટીઅરિંગ અર્જુનભાઈના મોટરસાયકલ સાથે અથડાયું હતું.અચાનક થયેલી આ ટક્કરથી બાઈકનું સંતુલન ખોરવાતાં અર્જુનભાઈ રસ્તા પર પટકાયા હતા. ગંભીર પછડાટના કારણે તેમને શરીરના ડાબી બાજુના ભાગે પાંસળીઓમાં ગંભીર ફ્રેક્ચર તેમજ શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ, અકસ્માત સર્જ્યા બાદ મદદ કરવાને બદલે ભારવાહક રિક્ષાચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી. એસ.આઈ. જે.બી. ત્રિવેદી વધુ તપાસ ચલાવી રહ્યા છે.



કે.કે. પારેખ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ તરીકે ડો. જે.ડી. સાવલિયાની ત્રીજી વખત નિમણૂક

અમરેલી,તા.૦૧



અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા કેમ્પસ સંચાલિત અને ડો. જીવરાજ મહેતા દ્વારા સ્થાપિત કે.કે. પારેખ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ તરીકે ડો. પ્રોફેસર જે.ડી. સાવલિયાની ત્રીજી વખત નિમણૂક કરવામાં આવી છે. ટ્રસ્ટના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા નિમણૂક કરાયા બાદ તેમણે તા. ૩૧-૧૦-૨૦૨૬ના રોજ સરદાર પટેલ જયંતિના પવિત્ર અવસરે ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે મંત્રી ચતુરભાઈ ખૂટ અને મનસુખભાઈ ધાનાણીનું માર્ગદર્શન મળ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર ડો. અતુલભાઈ પટેલ, શાળા-હોસ્ટેલ વિભાગના ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને ખોડાભાઈ સાવલિયાએ શુભેચ્છા પાઠવી હતી. સરદાર પટેલ જયંતિ નિમિત્તે આચાર્ય તરીકે ચાર્જ લેવા બદલ લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, કાંતિભાઈ વઘાસિયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, કાળુભાઈ કાછડીયા, ચંદુભાઈ રામાણી, રાજેશભાઈ માંગરોળીયા, પી. પી. કાબરીયા, વસંતભાઈ સાવલિયા, મેહુલભાઈ બાબરીયા, રૂપેશભાઈ સાવલિયા, ભરતભાઈ બાવીસી, વેપારી મંડળના પ્રમુખ દિનેશભાઈ ભુવા, બાલાભાઈ વઘાસિયા, નિલેશભાઈ મુલાણી, અલ્પેશભાઈ કાકડીયા, લાયન્સ ક્લબના રાજુભાઈ પરીખ, ગોરધનભાઈ માંદલીયા, તમામ હોદ્દેદારો, ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફ દ્વારા પણ શુભેચ્છા પાઠવવામાં આવેલી છે. તેમ કેમ્પસ વ્યવસ્થાપક સી.પી. ગોંડલીયાની અખબારી યાદીમાં જણાવાયું છે.







બાબરાના ખાનપરમાં જનક તળાવીયાના હસ્તે નવા પંચાયત ભવનનું લોકાર્પણ

બાબરા,તા.૦૧

બાબરા તાલુકાના ખાનપર ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવા પંચાયત ભવનના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ગામડાઓનો સર્વાંગી અને સુવિધાસભર વિકાસ એ સરકારની વિકાસયાત્રાનું મહત્વનું અંગ છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોડ, પાણી, શિક્ષણ, આરોગ્ય, પંચાયત ભવન સહિતની માળખાકીય સુવિધાઓને સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. ગામના વિકાસ સાથે ગ્રામજનોને સરકારી યોજનાઓ અને વહીવટી સેવાઓ સરળતાથી મળી રહે તે માટે સુવિધાયુક્ત પંચાયત ભવન પણ ખૂબ જ જરૂરી છે. ખાનપરના વિકાસ માટે સ્થાનિક આગેવાનો, ગ્રામજનો અને ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતી રજૂઆતોને પ્રાથમિકતા આપી વિકાસના કામોને આગળ ધપાવવામાં આવશે. નવું પંચાયત ભવન ગ્રામ પંચાયતના વહીવટી કાર્યો માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.



ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ, પંચાયત સંબંધિત કામગીરી તેમજ જરૂરી વહીવટી સેવાઓ માટે વધુ સુવિધા મળી રહેશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, ગામના સરપંચ, ગામના આગેવાનો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બાબરામાં રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ભવ્ય પદયાત્રા યોજાઈ

બાબરા, તા.૦૧



તસવીર : દિપક કનૈયા

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે બાબરા શહેરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપ દ્વારા ભવ્ય પદયાત્રા યોજાઈ હતી. સરદાર સર્કલથી શરૂ થયેલી પદયાત્રા નગરપાલિકા કચેરી સુધી પહોંચી હતી. જેમાં ભાજપના શહેર-તાલુકાના આગેવાનો, હોદ્દેદારો, વિવિધ મંડળો, મોરચાના કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. તિરંગા સાથે નીકળેલી પદયાત્રામાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશપ્રેમનો સંદેશ આપવામાં આવ્યો હતો. સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં યોગદાનને યાદ કરી તેમની વિચારધારાને અનુસરવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો.

લાઠી તાલુકાના હાવતડ ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા.૦૧

લાઠી તાલુકાના હાવતડ ગામેથી એક યુવતી બપોરના સમયે ઘરેથી અગમ્ય કારણોસર ચાલી નીકળી હતી.

બનાવ અંગે દેવશીભાઈ હિરાભાઈ મેવાડા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ચંદ્રિકાબેન (ઉ.વ.૧૮) બપોરના આશરે બે વાગ્યાથી ચારેક વાગ્યાના સમયગાળા દરમિયાન ઘરેથી કોઈને પણ કહ્યા વગર પોતાની મેળે ક્યાંક જતી રહી હતી.

પરિવારજનો દ્વારા તેની શોધખોળ કરવામાં આવી હોવા છતાં તેની કોઈ ભાળ મળી નહોતી. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સાવરકુંડલામાં સોના-ચાંદીની દુકાનમાં CCTV કેમેરા ન લગાવનાર વેપારી સામે કાર્યવાહી

સાવરકુંડલા, તા.૦૧

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કાયદો-વ્યવસ્થા અને સલામતીના ભાગરૂપે બહાર પાડવામાં આવેલા જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર એક સોના-ચાંદીના વેપારી સામે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સાવરકુંડલાના વેપારીએ પોતાની સોના-ચાંદીની પેઢીમાં નિયમ મુજબ સી.સી. ટી.વી. કેમેરા ન લગાડી જાહેરનામાનો ભંગ કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, સોના-ચાંદીની દુકાનોમાં ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવા અને સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તમામ જ્વેલર્સની દુકાનોમાં ફરજિયાતપણે યોગ્ય ક્ષમતાવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું.

તેમ છતાં, સાવરકુંડલાના સોના-ચાંદીના વેપારીએ આ જાહેરનામાનો અનાદર કરી પોતાની દુકાનમાં કેમેરા લગાવ્યા નહોતા. પોલીસ તપાસ દરમિયાન આ ક્ષતિ સામે આવતાં જાહેરનામાના ઉલ્લંઘન બદલ વેપારી વિરુધ્ધ કાયદેસરનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ટીંબા ગામે ત્રણ મહિલા પાસેથી દેશી દારૂ બનાવવાનો ૩૦૦ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી,તા.૦૧

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામથી વિઠ્ઠલપુર ખંભાળીયા જવાના રસ્તે આવેલી ગૌચરની જગ્યામાં પાણીના વોકળા પાસે ચાલી રહેલી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી પર પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૯૦ લીટર કાચો આથો, ૩૦ લીટર બળેલ આથો (વોશ) અને એક બાઈક મળી કુલ રૂ. ૭૪,૭૩૦નો પ્રોહિબિશનનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, ટીંબા ગામે ત્રણ મહિલાઓ પાસેથી દેશી દારૂ બનાવવાનો ૩૦૦ લીટર આથો તથા મોણપુર ગામેથી ૬૦૦ લીટર આથો મળી આવ્યો હતો. આમ, પોલીસે કુલ ૯૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો જપ્ત કર્યો હતો. આ સિવાય સમગ્ર જિલ્લામાંથી ૧૬ શખ્સો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા ઝડપાઈ ગયા હતા.

જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં રાજુલાના બે વિદ્યાર્થીઓએ પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવ્યો

રાજુલા,તા.૦૧



તસવીર : ગોપાલ રાઠોડ

૭૦મી એસજીએફઆઈ સ્કેટિંગ સ્પર્ધા અંતર્ગત અમરેલી ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની અંડર-૧૪ સ્પર્ધામાં રાજુલાના દેવીક કેતનભાઈ વેગડાએ પ્રથમ અને સ્પર્શ જી. મશરૂએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યું છે. બંને ખેલાડીઓ તા. ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સુરત ખાતે યોજાનારી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. તેમની સિદ્ધિને બિરદાવતાં રાજુલા પોલીસ સ્ટેશનના પી. આઈ. વી.એમ. કોલાદરાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

બગસરાના પીઠડીયા ગામે દીવાલ પડતાં પ્રૌઢનું સારવારમાં મોત

બગસરા, તા.૦૧

બગસરાના પીઠડીયા ગામે દીવાલ પડતાં એક પ્રૌઢનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બનાવ અંગે બહાદુરભાઈ બચુભાઈ વાઘેલા (ઉ.વ.૫૩)એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, બચુભાઈ કુંવરજીભાઈ વાઘેલા (ઉ.વ.૭૫) પોતાના ઘરની દીવાલના ટેકે બેઠા હતા. તે દરમિયાન અચાનક દીવાલ તેમના પર ધસી પડતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.એન. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અમરેલીમાં વેપારીને પત્નીના ઓપરેશન માટે વ્યાજે પૈસા લેવાનું ભારે પડ્યું

મહિલાએ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૦૧

અમરેલીમાં વેપારીને પત્નીના ઓપરેશન માટે વ્યાજે પૈસા લેવાનું ભારે પડ્યું હતું. મહિલાએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ભરતભાઈ રવજીભાઈ સોલંકી (ઉ.વ.૪૫)એ પૂજાબેન સેલાણી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ભરતભાઈના પત્નીને એપેન્ડિક્સના ઓપરેશન માટે પૈસાની ખૂબ જરૂર હોવાથી તેમણે આરોપી મહિલા પાસેથી રૂ.૩૦,૦૦૦ માસિક ૬૦% ના વ્યાજે લીધા હતા. આ અંગે તેમણે ઓનલાઈન તથા રોકડા મળી કુલ રૂ.૭૯,૮૦૦ ચૂકવી દીધા હોવા છતાં, આરોપી મહિલાએ ભૂંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ વધુ વ્યાજ માંગી, લાયસન્સ વગર નાણાં ધીરધારનો ધંધો કરીને યેનકેન પ્રકારે સતામણી કરી હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. લંગાળીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૦૨-૧૧-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૩૩,
સૂર્યાસ્ત-૦૫:૩૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

દૈનિક રાશિફળ

તા.૦૨-૧૧-૨૦૨૬ સોમવાર

મેષ: એવું પણ શક્ય છે કે વધુ પડતા કામને કારણે તમે તમારા પરિવાર માટે સમય ન કાઢી શકો, જેના કારણે આજે તમારા પરિવારના સભ્યો તમારાથી ગુસ્સે થઈ શકે છે.

વૃષભ: આજે તમારા પરિવારના સભ્યોમાં અણબનાવ થઈ શકે છે, આજે તમે તમારા જીવનસાથીને ફરવા લઈ જઈ શકો છો અને તેમના માટે ભેટ ખરીદી શકો છો.

મિથુન: આજે તમારું શૌર્ય વધશે. તમારું પારિવારિક જીવન ખુશ રહેશે, જેમાં ભાગ્ય પણ તમને સંપૂર્ણ સાથ આપશે. લાંબા સમયથી અટકેલા કાર્યોમાં પ્રગતિ થશે,

કર્ક: આજે તમારે કોઈ કારણસર તણાવનો સામનો કરવો પડી શકે છે. આજે તમારે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે નહીં તો તમારા શારીરિક દુ:ખ વધી શકે છે.

સિંહ: આજે તમારી ઉપયોગી વસ્તુઓમાં વધારો થશે અને તમારી ભૌતિક સુખ-સુવિધાઓમાં પણ વધારો થશે, ચિંતા કરશો નહીં, સાંજે તણાવ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજે તમારું મન કોઈ ખાસ પ્રકારની ઉથલપાથલમાં વ્યસ્ત રહેશે. આજે તમે લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કાર્યો વિશે પણ વિચારી શકો છો,

તુલા: આજે તમારા પ્રયત્નો વધશે. બેરોજગાર લોકોને આજે રોજગાર મળવાની પ્રબળ સંભાવના છે. જો આજે તમારી નોકરીમાં કોઈ વિવાદ ચાલી રહ્યો છે,

વૃશ્ચિક: જે લોકો કોઈપણ રોગથી પીડાઈ રહ્યા છે તેમના માટે આજનો દિવસ સારો રહેશે, તેમને આજે સંપૂર્ણ લાભ મળવાની શક્યતા છે.

ધન: તમારે તમારા વ્યવસાયના ગુપ્ત દુશ્મનોથી સાવધાન રહેવાની જરૂર છે, નહીં તો તેઓ તમારા વ્યવસાયને નુકસાન પહોંચાડી શકે છે, સાવધાન રહો.

મકર: તમને તમારા રોજગારની દિશામાં સફળતા મળશે અને ભેટ અને સન્માન મેળવવાથી પણ ફાયદો થશે. જો તમે કોઈ મિલકતમાં રોકાણ કરવાનું વિચારી રહ્યા છો,

કુંભ: આજે તમને સરકારી અધિકારીઓનો સહયોગ મળી રહ્યો છે.પરંતુ તમારે તમારી આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું પડશે, તો જ તમે તમારા ભવિષ્યને સંભાળી શકશો.

મીન: આજે તમને તમારા જૂના ઝઘડા અને સમસ્યાઓમાંથી રાહત મળશે અને તમારી સ્પર્ધા પણ વધશે. આજે કોઈની સાથે દલીલ ન કરો, મિત્રો સાથેના સંબંધોમાં મધુરતા આવશે.

લુણીધારમાં 'અમને પણ આ રસ્તે ચાલવાનો હક્ક છે' તેમ કહેતાં મહિલાને ફટકારી

કુંકાવાવ, તા.૦૧

લુણીધાર ગામે રહેતી એક મહિલાએ 'અમને પણ આ રસ્તે ચાલવાનો હક્ક છે' તેમ કહેતાં તેને ફટકારવામાં આવી હતી. બનાવ અંગે શાંતાબેન જેન્તીભાઈ ચાવડા (ઉ.વ.૫૦) એ સોમીબેન લાલજીભાઈ સોલંકી, નીરૂબેન મુકેશભાઈ સોલંકી, લાલજીભાઈ રામજીભાઈ સોલંકી તથા મુકેશભાઈ લાલજીભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, શાંતાબેન તેમના ઘરે હાજર હતા તે વખતે આરોપીઓએ તેમના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી તેમને કહ્યું હતું કે, 'અમારી બાજુમાં આવેલ રસ્તે તમે શું કામ ચાલો છો? તમને ચાલવાનો હક્ક નથી.' જેથી શાંતાબેને 'અમને પણ તે રસ્તે ચાલવાનો હક્ક છે' તેમ કહેતાં આરોપીઓને સારું લાગ્યું નહોતું અને તેઓ જેમ-ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમજ શરીરે ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

દામનગરના મેથળી ગામની ઉગમણી સીમમાંથી આઠ જુગારીઓ ઝડપાયા

દામનગર, તા.૦૧

દામનગર નજીક આવેલા મેથળી ગામની ઉગમણી સીમમાંથી આઠ જુગારીઓ રૂ. ૧.૩૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અહીં સીમમાં રમેશભાઈ અરજણભાઈ બારડ, વાસુદેવભાઈ ભીમજીભાઈ ચૌહાણ, ઘેલુભા ઓધુભા ગોહિલ, સંદીપભાઈ નાનજીભાઈ રાઠોડ, મનસુખભાઈ નરશીભાઈ સેલીયા, અશોકભાઈ પોપટભાઈ બલદાણીયા, મનોજભાઈ ઉમેશસિંહ પઢીયાર અને અશોકભાઈ બચુભાઈ રાઠોડ જાહેરમાં તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા હતા. તે દરમિયાન પોલીસની રેડ પડતાં આ તમામ આઠેય શખ્સો કુલ રોકડા રૂ. ૧,૩૩,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એ. એમ. રાધનપરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પોલીસે કુલ રૂ. ૧.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

લીલીયા ખાતે સરદાર પટેલ જન્મજયંતીની ઉજવણી કરાઈ

લીલીયા મોટા,તા.૦૧



ભારતના લોખંડી પુરુષ અને દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે લીલીયા મોટામાં ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરના લાઠી રોડ પર આવેલી સરદાર પટેલની પ્રતિમા સમક્ષ યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનોએ પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી વંદન કર્યું હતું. આ પ્રસંગે આગેવાનોએ સરદાર પટેલના રાષ્ટ્રપ્રેમ, દૃઢ સંકલ્પશક્તિ અને દેશની એકતા તથા અખંડિતતા માટેના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું. દેશનાં વિવિધ રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતના નિર્માણમાં તેમણે ભજવેલી ઐતિહાસિક ભૂમિકાને બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમમાં ડૉ. કુંભાણી, ડૉ. વી.વી. ધામત, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ધાનાણી, અજય વિરાણી, ઘનશ્યામભાઈ મેઘાણી, ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ વિજયભાઈ શેખલીયા સહિત વિવિધ સમાજોના આગેવાનો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશભક્તિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

અવસાન નોંધ

કોડીનાર

સ્વ. અ.સૌ.મનોરમબેન રમણીકલાલ વ્યાસ ઉમર વર્ષ ૮૦, તે રમણીકલાલ નરભેશંકર વ્યાસના પત્નિ તેમજ જીતેન્દ્રભાઈ (લાલાભાઈ) રમણીકલાલ વ્યાસ, હર્ષાબેન, ગીતાબેન, કિરણબેન, તૃપ્તિબેન તથા પુજાબેનના માતુશ્રી અને ચિરાયુ જીતેન્દ્રભાઈના દાદીનું તા.૦૧/૧૧/૨૦૨૬ રવિવારે દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા.૦૨/૧૧/૨૦૨૬ના સવારના ૧૦ કલાકે તથા બેસણું સાંજે ૪ થી ૬ પીપળેશ્વર મહાદેવ મંદિર, રેલ્વે સ્ટેશન પાસે, કોડીનાર ખાતે રાખેલ છે.

રાજકોટ

સ્વ.દિવાળીબેન ગોવિંદભાઈ વેકરીયા (ઉ.વ.૭૭) તા.૩૧-૧૦-૨૦૨૬, શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમનું બેસણું તા.૦૨/૧૧/૨૦૨૬ સોમવારના રોજ બપોરે ૦૪:૦૦ થી ૦૬:૦૦ પટેલવાડી યુનિટ નં.૧, જલારામ ચોક, ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

તંત્રી લેખ

ઉર્જા સંકટ નિવારી શકાય છે

એક સમયે ગુજરાતમાં સરપ્લસ વીજળી ઉત્પાદન થતું હતું પરંતુ હાલના સંજોગોમાં વીજ વપરાશમાં જબ્બર વધારો થયો હોવાથી ઉર્જા સંકટ પેદા થયુ છે. ગુજરાતમાં ૧૬ ઓક્ટોબરે વીજળીની મહત્તમ માંગ લગભગ ૩૦,૦૦૦ મેગાવોટ સુધી પહોંચી હતી, જે ગત વર્ષની સરખામણીએ ૩૫% જેટલો તીવ્ર વધારો દર્શાવે છે. અસામાન્ય ગરમી, વરસાદની અછત અને ઔદ્યોગિક વપરાશમાં વધારાને કારણે ઊભા થયેલા આ અસંતુલને ઊર્જા ક્ષેત્રના નીતિ-નિર્ધારકો સમક્ષ ગંભીર પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. પરંતુ શું આ સંકટને માંગ વ્યવસ્થાપન દ્વારા ટાળી શકાય? જવાબ હકારાત્મક છે, પરંતુ તે માટે સમયસરના નિર્ણયો અને યોગ્ય નીતિઓની જરૂર છે. સૌર ઊર્જાનું વધતું ઉત્પાદન પર્યાવરણની દ્રષ્ટિએ આવકારદાયક છે, પરંતુ વિતરણ અને માંગ માટે પડકારજનક બની રહ્યું છે. સૌર ઊર્જાનું ઉત્પાદન બપોરે મહત્તમ હોય છે, જ્યારે માંગ ઓછી હોય છે. સાંજે વીજળીની માંગ વધે છે, પરંતુ સૌર ઉત્પાદન ઘટે છે. પરિણામે, દિવસ દરમિયાન વીજળીની 'વધ' અને સાંજના સમયે 'ઘટ' નોંધાય છે. ગ્રીડમાં અસંતુલન થવાની આશંકાને કારણે ઘણી વખત સૌર વીજમથકોનું ઉત્પાદન ઘટાડી તેમને ગ્રીડથી અલગ કરવા પડે છે. આ સ્થિતિ ઊર્જા સંકટને વધુ ગંભીર બનાવે છે. સૌર વીજળીનો ઉપયોગ વધારવા માટે દિવસમાં ઊર્જા બૅટરીમાં સંગ્રહ કરાય છે. આ માટે મોટા મૂડીરોકાણ સાથે ચાર્જિંગ અને ડિસ્ચાર્જિંગ દરમિયાન ઊર્જાના નુકસાનનો ખર્ચ થાય છે. તેથી બૅટરીમાંથી સાંજે મળતી વીજળીનો અસરકારક દર દિવસ દરમિયાન ઉપલબ્ધ મૂળ વીજળી કરતાં ઘણો વધારે હોય છે. આ આર્થિક બોજ લાંબા ગાળે ટકાઉ નથી, તેથી વૈકલ્પિક ઉપાયો શોધવા જરૂરી છે. વીજળીની માંગનું અસંતુલન નિવારવા માટે સરકારે માળખાકીય અને કાયદાકીય પગલાં સાથે વીજ દરમાં ઘટાડા રૂપે આર્થિક પ્રોત્સાહન આપી ગ્રાહકોને દિવસમાં વીજળી વાપરતા કરવા જોઈએ. દિવસના સમયે વીજદર ઘટાડવા અને સાંજના પીક અવર્સમાં પ્રમાણમાં ઊંચા દર રાખવા માટે સમય આધારિત વીજદરની નીતિ અમલમાં મૂકવી જોઈએ. યોગ્ય પ્રોત્સાહન મળે તો ઘરથી માંડી ઉદ્યોગો સુધી વપરાશના સાધનો અને ટેવ બંને બદલી શકાય તેમ છે. ગુજરાત જેવા ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્યમાં આ નીતિ અમલમાં મૂકવાથી માત્ર ઊર્જા સંકટ જ નહીં, પરંતુ પર્યાવરણીય સંતુલન અને આર્થિક કાર્યક્ષમતા પણ સુધરશે. હવે સમય છે કે નીતિ-નિર્ધારકો દૂરદર્શી વિચાર સાથે આ દિશામાં ઝડપી પગલાં લે.

ભારત કઈ દિશા તરફ જશે એ જનતાએ ચૂંટેલા નેતા પર નિર્ભર થશે !!! : મોહનજી ભાગવત (પુષ્પ - ૪૦)



ઈ.સ. ૨૦૧૯નું વર્ષ ઇતિહાસમાં બે બાબતો માટે નોંધાયું છે. સૌપ્રથમ કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી અને તે જ વર્ષે ચંદ્રયાન મિશન લોન્ચ કરવામાં આવ્યું. આ બંને બાબતો આપણા દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પૃષ્ઠભૂમિમાં સમગ્ર વિશ્વની નજર ભારત પર હતી ત્યારે ઈ.સ. ૨૦૧૯ ના વિજયાદશમી પર્વ નિમિત્તે મોહનજી ભાગવતે એમના બૌદ્ધિકમાં ભવિષ્યમાં ભારત કઈ દિશામાં જશે અને આ માટે કયા પ્રયાસો કરવા જોઈએ એ વિષયે જણાવ્યું કે, "લોકસભા ચૂંટણીના પરિણામો મે મહિનામાં આવ્યા. આ ચૂંટણીઓ તરફ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચાયું હતું. ભારત જેવો વિશાળ દેશ જે વિવિધતાથી ભરેલો છે ત્યાં વિશ્વ માટે આકર્ષણનો પહેલો વિષય એ હતો કે ચૂંટણીનું આ કાર્ય સમયસર અને સંગઠિત રીતે કેવી રીતે પૂર્ણ થાય છે. તેવી જ રીતે ૨૦૧૪ માં થયેલ પરિવર્તન ફક્ત ૨૦૧૪ પહેલાની સરકાર પ્રત્યેના મોહભંગને કારણે ઉદ્ભવેલી નકારાત્મક રાજકીય લહેરનું પરિણામ હતું, અથવા તો જનતાએ કોઈ ચોક્કસ દિશામાં આગળ વધવાનું મન બનાવી લીધું હતું, આ ૨૦૧૯ ની ચૂંટણીઓમાં જોવાનું હતું. દુનિયાનું ધ્યાન પણ એ તરફ હતું. લોકોએ પોતાનો મક્કમ અભિપ્રાય વ્યક્ત કર્યો અને ભારતમાં લોકશાહી કોઈ નવી અને અજાણી વસ્તુ નથી જે વિદેશથી આયાત કરવામાં આવી હોય, પરંતુ સદીઓથી દેશના લોકોના મનમાં પ્રવર્તતી પરંપરા છે જેને સ્વતંત્રતા પછીના સમયગાળામાં મળેલા અનુભવ અને જ્ઞાનથી લોકશાહીમાં રહ્યા અને લોકશાહીને વાસ્તવિકતા બનાવવી એ સમાજને સફળતાપૂર્વક ચલાવવાનું ધોરણ બની ગયું છે આ વાત દરેકના ધ્યાનમાં આવી. નવી સરકારને વધુ સંખ્યામાં ફરીથી ચુંટીને સમાજે તેને ભૂતકાળના કાર્ય અને ભવિષ્ય માટે ઘણી અપેક્ષાઓ પ્રત્યે પોતાની મંજૂરી વ્યક્ત કરી હતી.

આ ફરીથી ચૂંટાયેલી સરકાર પાસે તે અપેક્ષાઓને પૂર્ણ કરવાની જનતાની લાગણીઓનો આદર કરવાની અને દેશના હિતમાં તેમની ઈચ્છાઓ અને પૂર્ણ કરવાની હિંમત પણ છે. કલમ ૩૭૦ ને બિનઅસરકારક બનાવવાના સરકારના પગલાંથી આ ફરી એક વાર સાબિત થયું છે. આ કાર્યને શાસક પક્ષની વિચાર પરંપરામાં પહેલાથી જ સ્વીકારવામાં આવ્યું હતું. પરંતુ આ વખતે બંને ગૃહોમાં અન્ય મંતવ્યોના પક્ષોનો કુશળતાપૂર્વક ટેકો મેળવીને, સામાન્ય લોકોની લાગણીઓને અનુસરીને અને મજબૂત દલીલો સાથે આ કાર્ય કરવામાં આવ્યું, જેના માટે દેશના વડાપ્રધાન, ગૃહમંત્રી, શાસક પક્ષ અને આ જનભાવનાનો આદર કરીને સંસદમાં સમર્થન આપનારા અન્ય પક્ષો પણ અભિનંદનને પાત્ર છે. આ પગલું ત્યારે જ પૂર્ણ થશે કે જ્યારે કલમ ૩૭૦ ના પ્રભાવ હેઠળ ન થઈ શકેલું ન્યાયકાર્ય પૂર્ણ થાય અને તેના કારણે થઈ રહેલા અન્યાયનો અંત આવશે. અન્યાયી રીતે બહાર કાઢવામાં આવેલા આપણા કાશ્મીરી પંડિતોનું પુનર્વસન, ત્યાંથી તેમના નિર્ભય સલામત અને દેશભક્ત અને હિન્દુ રહેવાની સ્થિતિમાં હશે. કાશ્મીરના રહેવાસીઓને બધા અધિકારો મળશે કે જેનાથી તેઓ અત્યાર સુધી વંચિત હતા. ઘાટીના લોકોના મનમાં આ ખોટો ભય પેદા કરવામાં આવ્યો છે કે ૩૭૦ હટાવ્યા પછી તેમના જીવન અને નોકરીઓ ખૂબ જ જોખમમાં મુકાઈ જશે. ત્યાંથી જઈને તેઓ દેશના વિકાસમાં બાકીના ભારતના લોકો સાથે સમાન રીતે આત્મીયતાની ભાવના સાથે પોતાની જવાબદારી નિભાવશે. સપ્ટેમ્બર મહિનામાં પોતાની પ્રતિભા સાથે સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિક સમુદાયનું ધ્યાન આકર્ષિત કરીને તેમની પ્રશંસા અને સહાનુભૂતિ પ્રાપ્ત કરીને આપણા વૈજ્ઞાનિકોએ ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર તેમનું ચંદ્ર અવકાશયાન 'વિક્રમ' ઉતાર્યું જે અત્યાર સુધી અસ્પૃશ્ય પ્રદેશ છે. સફળતા અને અપેક્ષાઓ મુજબ ન હોવા છતાં પ્રથમ પ્રયાસમાં આટલું બધું હાંસલ કરવું એ પણ એવી બાબત હતી જે અત્યાર સુધી સમગ્ર વિશ્વ માટે અશક્ય હતી. આપણા દેશની બૌદ્ધિક પ્રતિભા અને વૈજ્ઞાનિક અભિગમ સખત મહેનતથી સંકલ્પપૂર્ણ કરવાના સમર્પણ; આપણા વૈજ્ઞાનિકોના પરિક્રમ પરિક્રમને કારણે દુનિયામાં સર્વત્ર આપણું સન્માન વધ્યું છે. જનતાનું પરિપક્વ શાણપણ અને કાર્ય, દેશમાં જાગૃત આત્મસન્માન, સરકારમાં જાગૃત નિશ્ચય તેમજ આપણી વૈજ્ઞાનિક ક્ષમતાના સાકાર થવાના સુખદ અનુભવોને કારણે આપણે ગયા વર્ષને હંમેશા યાદ રાખીશું. પરંતુ આ એવો સમય નથી જ્યારે આપણે આ સુખદ વાતાવરણમાં આળસુ થઈ જઈએ અને આપણી તૈયારી ભૂલી જઈએ, બધું સરકાર પર છોડી દઈએ, નિષ્ક્રિય બની જઈએ અને વૈભવી વસ્તુઓ અને સ્વાર્થમાં ડૂબી જઈએ.

આપણે જે દિશામાં આગળ વધવાનું શરૂ કર્યું છે તે દિશામાં આપણું અંતિમ લક્ષ્ય - એક ભવ્ય ભારત - હજુ ઘણું દૂર છે. આપણને રોકવા માગતી શક્તિઓના કારનામા, અવરોધો અને ક્રિયાઓ હજી સમાપ્ત થઈ નથી. આપણે કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ જેનો ઉકેલ આપણે લાવવાનો છે. કેટલાક પ્રશ્નો છે જેના આપણે જવાબ આપવાના છે અને કેટલીક સમસ્યાઓ છે જેનું નિદાન અને ઉકેલ કરવાનો છે.

સૌભાગ્યથી આપણા દેશની સુરક્ષા, ક્ષમતાઓની સ્થિતિ, આપણા સશસ્ત્ર દળોની તૈયારી, આપણી સરકારની સુરક્ષા નીતિ અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આપણી કુશળતા એવી છે કે આપણે આ બાબતમાં સતર્ક અને આત્મવિશ્વાસ ધરાવીએ છીએ. આપણી જમીન અને જળ સરહદો પર સુરક્ષા, સતર્કતા પહેલા કરતાં વધુ સારી છે. ફક્ત જમીન સરહદ પર રક્ષકો અને ચોકીઓની સંખ્યા અને દરિયાઈ સરહદ પર ખાસ કરીને ટાપુઓ પર દેખરેખ વધારવાની જરૂર છે. દેશમાં પણ ઉગ્રવાદી હિંસામાં ઘટાડો થયો છે. ઉગ્રવાદીઓ દ્વારા આત્મસમર્પણ કરનારાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. પરંતુ આ સમયની જરૂરિયાત ત્યારે જ પૂરી થશે જ્યારે આપણે આ કાર્યની જવાબદારી કોઈ વ્યક્તિ કે સંગઠન પર નાખીને દૂરથી જોવાની આદત છોડી દઈશું. રાષ્ટ્રના વિકાસ, સમાજની સમસ્યાઓના ઉકેલ અને કટોકટીના નિરાકરણનું કામ કોન્ટ્રાક્ટ પર આપવામાં આવતું નથી. સમય સમય પર, કોઈને કોઈ વ્યક્તિ ચોક્કસ નેતૃત્વનું કામ કરશે. પરંતુ જ્યાં સુધી જાગૃત્ત લોકો, સ્પષ્ટ દ્રષ્ટિ, નિઃસ્વાર્થ પરિશ્રમ અને અભેદ એકતા સાથે વજ્ર શક્તિ બનીને એવા પ્રયોગ-પ્રયાસોમાં પોતાને જોડીશું નહીં, ત્યાં સુધી તે શક્ય નથી. સંપૂર્ણ અને કાયમી સફળતા પ્રાપ્ત કરવી શક્ય નહીં બને. દેશમાં ફરી એકવાર બહુમતી સરકારની રચના સાથે ઘણી સમસ્યાઓના ઉકેલ શોધવાના પ્રયાસો શરૂ થયા. નાગરિકતા અધિનિયમ સંશોધન અધિનિયમ તેમાંથી એક છે. આ કાયદો પસાર થવાથી પડોશી દેશોથી સાંપ્રદાયિક કારણોથી વિસ્થાપિત થયેલા પીડિત હિંદુઓને સમર્થન મળી શકે છે." આ રીતે શ્રી મોહનજી ભાગવતે વિસ્થાપિત થયેલા પીડીત હિન્દુઓને સમર્થન આપવાની વાતને ધ્યાનમાં રાખીને યોગ્ય કાયદાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ સમયે સમગ્ર વિશ્વમાં કોરોના સંકટ છવાઈ રહ્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને પરિવાર વ્યવસ્થાના બળ પર ભારત આ સંકટમાંથી બહાર આવ્યું. શ્રી મોહનજી ભાગવતે હિંદુત્વનો પણ અર્થ સમજાવતા આ બૌધ્ધિકમાં જણાવ્યું હતું કે, દુનિયાએ આ તરફ પણ ધ્યાન આપવું જોઈએ.

વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

રાષ્ટ્રીય એકતાને વંદન

સરદાર સાહેબનાં સંભારણાં : વિરાટ વ્યક્તિત્વ અને વિચારધારા

ભારતના ઈતિહાસમાં કેટલીક મહાન વિભૂતિઓ એવી હોય છે, જેમનું જીવન માત્ર ઈતિહાસનાં પાનાં પૂરતું સીમિત રહેતું નથી, પરંતુ આવનારી અનેક પેઢીઓ માટે પ્રેરણાનો પ્રકાશસ્તંભ બની રહે છે. આવી જ એક મહાન વિભૂતિ એટલે લોખંડી પુરુષ, ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલ.જેમની ૧૫૧મી જન્મ જયંતિ એટલે ૩૧ ઓક્ટોબર; રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે સમગ્ર ભારત દેશે ખુબજ ગૌરવ સાથે ઉજવી. એવા અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબને શત શત વંદન.

સરદાર સાહેબનું નામ સાંભળતાં જ આંખ સામે એક દૃઢ નિશ્ચયી, સાદગીપૂર્ણ, નિર્ભય અને રાષ્ટ્રપ્રેમથી છલોછલ વ્યક્તિત્વની સાથે એક વિચારધારા ઊભરી આવે છે.ખેડૂત પરિવારમાં જન્મેલા વલ્લભભાઈએ સંઘર્ષ, પરિશ્રમ અને આત્મવિશ્વાસના બળે જીવનમાં અસાધારણ ઊંચાઈ પ્રાપ્ત કરી હતી. તેમનું જીવન આપણને શીખવે છે કે માણસની ઓળખ તેના જન્મથી નહીં, પરંતુ કર્મ અને કર્તવ્યથી થાય છે.

સરદાર સાહેબનું સૌથી મોટું યોગદાન એટલે દેશની એકતા અને અખંડિતતા. આઝાદી સમયે ભારત અનેક રજવાડાંઓમાં વહેંચાયેલું હતું. તેવા કપરા સમયે તેમણે પોતાની રાજકીય કુનેહ, દૃઢતા અને નિર્ણયશક્તિના બળે ૫૬૨થી વધુ રજવાડાંઓને એક ભારતના તાંતણે બાંધી દીધાં. આ કાર્ય માત્ર રાજકીય સફળતાનું નહોતું, પરંતુ રાષ્ટ્રનિર્માણનો ઐતિહાસિક અધ્યાય હતો. આજે આપણે જે અખંડ ભારતનું ગૌરવ અનુભવીએ છીએ, તેની પાછળ સરદાર સાહેબની અદ્વિતીય અને અણમોલ ભૂમિકા રહેલી છે.

સરદાર સાહેબનું જીવન આપણને અનેક જીવનમૂલ્યોનો બોધ આપે છે. પ્રથમ મૂલ્ય છે એકતા. વ્યક્તિગત સ્વાર્થ કરતાં સામૂહિક હિત મોટું છે, તે તેમણે પોતાના કાર્યથી સાબિત કર્યું. બીજું મૂલ્ય છે નિર્ભયતા. મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સાચા નિર્ણયથી પાછળ ન હટવું. ત્રીજું મૂલ્ય છે કર્તવ્યનિષ્ઠા. હોદ્દો કે સત્તા મેળવવા કરતાં સોંપાયેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવી એ જ સાચી મહાનતા છે.ચોથું મૂલ્ય છે ત્યાગ,તેમના ભાઈ માટે બ્રિટિશ સ્કોલરશીપથી લઈને સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાનનું પદ નહેરુજીને અપાવવામાં તેમનો ત્યાગ ભાવ જોઈ શકાય છે.પાંચમું મૂલ્ય છે સમર્પણ,જે ગાંધીજીના વિચારોથી પ્રેરાઈને દેશની આઝાદી અને બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું અને ખેડૂતોના આત્મસન્માનને નવી ઓળખ આપી. બારડોલીના ખેડૂતોએ તેમને "સરદાર"નું બિરુદ આપ્યું. આ બિરુદ કોઈ સત્તાનું પરિણામ નહોતું, પરંતુ જનતાના વિશ્વાસ અને પ્રેમનું પ્રતીક હતું.

આજે સમાજમાં નાની-નાની બાબતોમાં મતભેદ, મનભેદ, સ્વાર્થ અને વિખવાદ જોવા મળે છે. આવા સમયે સરદાર સાહેબનું જીવન આપણને આત્મમંથન કરવા પ્રેરે છે. આપણે સરદાર સાહેબને માત્ર પુષ્પાંજલિ અર્પણ કરીને કે પ્રતિમાને વંદન કરીને જ યાદ ન કરીએ, પરંતુ તેમના વિચારોને આપણા વ્યવહારમાં ઉતારીએ. પરિવાર, સમાજ, સંસ્થા અને રાષ્ટ્રના હિતમાં એકતાની ભાવના કેળવીએ.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા "સ્ટેચ્યૂ ઓફ યુનિટી" સરદાર સાહેબની ભવ્યતાનું પ્રતીક છે, કારણ કે ૬ ફૂટની ઊંચાઈ ધરાવતા મહા માનવની ૧૮૨ મીટર એટલે કે ૫૯૭ ફૂટની પ્રતિમા પ્રસ્થાપિત થાય એ અખંડ ભારતના નિર્માણમાં એમના અતુલ્ય યોગદાનનું પ્રતીક છે. તેમના વિચારોની ઊંચાઈ આપણા જીવનમાં ઉતરે ત્યારે જ સાચા અર્થમાં તેમની સ્મૃતિ જીવંત રહેશે.કારણ કે તેઓ એક વ્યક્તિ નહિ પણ વિરાટ વિચારધારા સ્વરૂપે સમગ્ર દેશ વાસીઓના દિલમાં આજે પણ આદરભર્યું સ્થાન ધરાવે છે.સરદાર સાહેબના જન્મદિન અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એવો સંકલ્પ કરીએ કે મતભેદ હશે, મનભેદ નહીં; વિચારો અલગ હશે, પણ રાષ્ટ્રહિત એક જ રહેશે.




મનન ચિંતન
ભરત બાવીશી

એકતા માટે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પણ કર્યું હતું.છઠ્ઠું મૂલ્ય છે મજબૂત મનોબળ; કોર્ટમાં કેસની દલીલ કરતી વખતે પરિવારના દુઃખદ સમાચારના તાર ની ચિઠ્ઠી ખીચ્યામાં નાખીને પોતાની ફરજ પુરી કરી શકે એ મજબૂત મનોબળ દર્શાવે છે.સાતમું મૂલ્ય સબળ નેતૃત્વ; જે બારડોલી સત્યાગ્રહથી લઈને અખંડ ભારતના નિર્માણ સુધી સતત જોવા મળ્યું.

સરદાર સાહેબે ખેડૂતોના હક માટે

સરદાર સાહેબનાં સંભારણાં : વિરાટ વ્યક્તિત્વ અને વિચારધારા.
જય સરદાર! જેના સંકલ્પમાં રાષ્ટ્રની એકતા હતી, જેના હૃદયમાં જનતાની શક્તિ હતી; એવા લોખંડી પુરુષને શત શત વંદન, જેમના જીવનમાં ભારતની અખંડિતતા હતી. સરદાર સાહેબને વંદન એટલે રાષ્ટ્રની એકતાને વંદન!

કયાંક દુકાળ તો કયાંક માવઠા, દિવાળીનાં દીવા ગામડાંમાં સમૃદ્ધિનો ઉજાસ ફેલાવશે ???



ખેડૂતનું સન્માન, જળસંચય, ગ્રામ્ય ઉદ્યોગો અને સ્વદેશીનો સંકલ્પ ભારતની સાચી સમૃદ્ધિ ગામડાં, ખેતરો અને ખેડૂત પરિવારોમાં વસે છે. ગામડાં સમૃધ્ધ હશે તો દેશ સમૃધ્ધ બનશે. આ વિચારને સાકાર કરવા ખેડૂત કલ્યાણ, જળસંચય, ગ્રામ્ય રોજગારી અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો સમય છે.

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના ૨૪મા હપ્તા અંતર્ગત દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૩.૧૮,૬૯૦ કરોડથી વધુની સહાય અને ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને ૩.૧,૦૫૧ કરોડથી વધુની સહાયની જાહેરાત કરવામાં આવી છે. ખેડૂત પરિવારને વર્ષે ૩.૬,૦૦૦ની સહાય સીધી બેંક ખાતામાં મળે છે. આ સહાય ખેતીના ખર્ચ અને પરિવારની જરૂરિયાતોમાં આર્થિક ટેકો પૂરો પાડે છે. ખેડૂતોનું જીવનધોરણ સુધારવા આવી સહાયની સાથે ખેતીને નફાકારક બનાવવી પણ જરૂરી છે.

ખેડૂત કલ્યાણની વાત આવે ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલનું સ્મરણ અનિવાર્ય છે. બે દિવસ પહેલા જન્મ જયંતી નિમિત્તે આપણે સૌએ દેશના સરદારને યાદ કર્યા. ખેડા સત્યાગ્રહ અને ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં સરદાર સાહેબે ખેડૂતોને અન્યાય સામે સંગઠિત કર્યા. બારડોલીની લડત ખેડૂતના અધિકાર અને આત્મસન્માનની લડાઈ હતી. સહકારની શક્તિમાં વિશ્વાસ રાખનાર સરદારની પ્રેરણાથી ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકોની સહકારી ચળવળને બળ મળ્યું. આગળ જતાં ત્રિભુવનદાસ પટેલ જેવા આગેવાનોએ તેને સંસ્થાકીય સ્વરૂપ આપ્યું અને અમૂલ જેવી સહકારી વ્યવસ્થાનો પાયો મજબૂત બન્યો. સરદારનો સંદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત છે કે સંગઠિત ખેડૂત પોતાની આર્થિક તાકાત ઊભી કરી શકે છે.

આજે કુદરત પણ આપણને ગંભીર સંદેશ આપી રહી છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતોને પાકની નુકસાનીની ચિંતામાં મૂક્યા છે. બીજી તરફ પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જેવા વિસ્તારોમાં વરસાદની અછત અને ત્યારબાદ માવઠાની સ્થિતિ ખેડૂતો માટે પડકારરૂપ બની છે. આવનારા સમયમાં પાણી સૌથી મહત્ત્વનું સંસાધન બનશે. કદાચ આવનારા સમયનું મોટું યુધ્ધ પાણી માટેનું હશે! તેથી ખેત તલાવડી, ચેકડેમ, બોરીબંધ, રિચાર્જ કૂવા, તળાવ ઊંડાં કરવાં, વૃક્ષારોપણ અને ટપક સિંચાઈને જનઆંદોલન બનાવવાં પડશે. પાણી બચાવવું એટલે ખેતી અને આવનારી પેઢીનું ભવિષ્ય બચાવવું.



દિવાળીના દિવસોમાં વર્ષો પહેલાં રોજગારીની શોધમાં ગામડાં છોડીને શહેરોમાં વસવાટ કરેલા અનેક પરિવારો વતન પાછા ફરશે. શહેરોમાં નોકરી અને મજૂરી કરીને જીવન વિતાવતા લોકોએ પણ વિચારવું જોઈએ કે શું પોતાનું ગામ માત્ર તહેવાર ઊજવવા માટે જ છે? આજે ખેતી માત્ર પરંપરાગત વ્યવસાય નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારની PMFME, કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ, બાગાયત વિકાસ, કૃષિ યાંત્રિકીકરણ, FPO અને સહકારી યોજનાઓનો લાભ લઈને ગામડાંમાં નાના ઉદ્યોગો સ્થાપી શકાય છે. મગફળી, તલ, બાજરી, મસાલા, ફળો અને શાકભાજીનું પ્રોસેસિંગ, તેલ ઉત્પાદન, પશુઆહાર, ડેરી અને હર્બલ ઉત્પાદનો જેવા વ્યવસાયોથી ખેડૂતોને મૂલ્યવર્ધન અને યુવાનોને રોજગારી મળી શકે છે. શહેરમાં મજૂરી કરવા જવાની મજબૂરીને બદલે ગામમાં જ ઉદ્યોગસાહસિક બનવાની દિશામાં વિચારવું જોઈએ.

દિવાળીની ખરીદીમાં પણ સામાજિક જવાબદારી નિભાવીએ. વર્ષોથી આપણા સુખદુઃખમાં સાથ આપતા સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરીએ. ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત સખી મંડળો અને મહિલા સ્વસહાય જૂથોની બહેનો પાસે હસ્તકલા, ભરતકામ, પરંપરાગત વાનગીઓ અને ઘરઉદ્યોગનું અદભુત કૌશલ્ય છે. તેમની પાસેથી દીવા, સુશોભનની વસ્તુઓ, વસ્ત્રો અને સ્વદેશી ઉત્પાદનો ખરીદવાથી મહિલા રોજગારી અને ગ્રામ્ય અર્થતંત્રને બળ મળશે.

આ દિવાળીએ ચાર સંકલ્પ કરીએ ખેડૂતનું સન્માન, પાણીનું સંરક્ષણ, સ્વદેશીનું પ્રોત્સાહન અને ગામડાંમાં રોજગારીનું સર્જન. દિવાળીએ વતન આવો ત્યારે માત્ર દીવા પ્રગટાવીને પાછા ન જશો; તમારા ગામમાં રોજગારીનો એક નવો દીવો પ્રગટાવીને જજો.

ખેડૂતના ખેતરમાં સમૃદ્ધિનો પાક લહેરાય, ગામડાં સ્વાવલંબી બને, મહિલાઓ આત્મનિર્ભર બને અને યુવાનોને પોતાના ગામમાં જ રોજગારી મળે એ જ સાચી દિવાળી અને સમૃધ્ધ ભારતનો સંકલ્પ છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

:: તિખારો ::

કેટલાકને માથા પર બેસાડવાની ભૂલ કરી, એટલે પોતાને માલિક સમજી બેઠા! યાદ રાખજો, અમે સંબંધ દિલથી નિભાવીએ છીએ, મજબૂરીથી નહીં. વિશ્વાસ તૂટે પછી વ્યક્તિ નહીં, તેનું સ્થાન પણ મારા માટે બદલાઈ જાય છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

ટકાઉ ખેતી અને પર્યાવરણ સંરક્ષણ માટે જૈવિક ખેતી

ડો. રિશી કે કાલરીયા, અસ્પી શકીલમ
બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

દિન પ્રતિદિન વધતી જતી જનસંખ્યાને અનાજનો પુરવઠો પુરો પાડવા માટે તેમજ ઘટતી જતી ખેતીલાયક જમીન વિસ્તારમાં વધુ ઉત્પાદન કઈ રીતે મેળવવું તે માટે ખેડૂતોને આધુનિક ખેતી પધ્ધતિ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આધુનિક ઉર્જા આધારિત આ ખેતી પધ્ધતિમાં નવી તકનીકોની સાથે રસાયણિક ખાતરો અને જંતુનાશકોનો પ્રયોગ મુખ્યત્વે છે જેને હિસાબે આજની આ ખેતી પધ્ધતિએ વિવાદાસ્પદ સ્થાન ગ્રહણ કરી લીધી છે. જેમાં હાલના સમયે ઉત્પાદન ની સામે પ્રદુષણ, જમીનની ઉત્પાદકતાની સામે ટકાઉપણું અને ઉત્પાદનની સામે ઉર્જાવ્યય જેવા વિષયો કૃષિ વૈજ્ઞાનિકો માટે એક ચર્ચાનો વિષય બન્યા છે. અસંતુલિત ખેતી પધ્ધતિના પરિણામે પર્યાવરણના વિઘટન પર ખતરાની ઘંટી વાગી છે જેણા લીધે આજના કૃષિ વૈજ્ઞાનિકોનું ધ્યાન એક એવી ખેતી પધ્ધતિ પર દોર્યું છે જે પર્યાવરણ માટે અનુકુળ તથા ટકાઉ હોય. આ સમસ્યાથી દુર રહેવા માટે જૈવિક ખેતી એક સારો વિકલ્પ સાબિત થઈ રહી છે. જે જમીનની ગુણવતા તેમજ પર્યાવરણને હાનીકારક તત્વોથી બચાવી રાખે છે. આ ખેતીએ એક એવી પધ્ધતિ છે કે જેમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના બેફામ ઉપયોગની જગ્યાએ જમીનની ફળદ્રુપતા જાળવવા ફાર્મવેસ્ટ, કોમ્પોસ્ટ, સીવેજ તેમજ ફળ-ઝાડના બચેલા હિસ્સાનો પ્રયોગ કરવામાં આવે છે. જૈવિક ખેતીના ઈતિહાસ તરફ નજર દોરવીએ તો તેની સૌપ્રથમ શરૂઆત બ્રિટનમાં થઈ હતી, જ્યાં જમીનની ફળદ્રુપતા જાળવવા માટે ખાતર તરીકે મુખ્યત્વે છાણીયું ખાતરનો મહત્તમ ઉપયોગ થતો હતો. જૈવિક ખેતી અપનાવતા ખેડૂતો જમીનમાં પોષકતત્વોની માત્રા બરાબર જળવાય રહે તે માટે રસાયણિક ખાતરો અને જંતુનાશકોની જગ્યાએ ફાર્મવેસ્ટ તથા લીલા પડવાશનો ઉપયોગ કરે છે.

જૈવિક ખેતી અપનાવવાથી થતા ફાયદાઓ:ઓછું યાંત્રીકરણ: શક્ય તેટલા ઓછા મશીનોનો ઉપયોગ કરીને પણ આ પ્રકારની ખેતી કરી શકાતી હોવાથી નાના ખેડૂતો પણ તેને સહેલાઈથી અપનાવી શકે છે.

ઓછી ખેતઅવશેષ સમસ્યા: ખેતીમાંથી પ્રાપ્ત થતા બાકી વધેલા અવશેષની નિકાલના ઈલાજ સ્વરૂપે ફરીથી કમ્પોસ્ટ બનાવીને તેને ઉપયોગમાં લઇ શકાય છે. **ઓછું પ્રદુષણ:** આમ તો રસાયણિક ખાતરો અને જંતુનાશક દવાનો ઉપયોગ નહીવત હોવાથી જમીન, પાણી અને પર્યાવરણનું પ્રદુષણ ઓછુ થાય છે. **ખેતીખર્ચમાં ઘટાડો:** આ ખેતી પધ્ધતિમાં જુદી જુદી પ્રકારની જંતુનાશક દવાઓ અને રસાયણિક ખાતરોનો ઉપયોગ નહીવત હોવાથી કુલ ખેતીખર્ચમાં ઘટાડો કરી શકાય છે. **સારી ગુણવતા:** કુલ રસાયણોનો એક યા બીજા પ્રકારે ઉપયોગ બિલકુલ નહીવત હોવાથી જૈવિક ખાદ્યમાં ×હેલ્થ હેઝાર્ડ×ની સમસ્યા રહેતી નથી. **વધુ મૂલ્ય:** જૈવિક ખાદ્ય ઉત્પાદનો સ્વાસ્થ્યની દ્રષ્ટીએ ઉચિત હોવાથી ઉત્સાહી ગ્રાહકો વધુ મૂલ્ય આપીને પણ તેને ખરીદવાની કોશિશ કરે છે.

મુશ્કેલીઓ:૧. રસાયણિક ખેતીને પરિણામે જમીનમાં રહેલા ફળદાયી સુક્ષ્મજીવાણુંઓની સંખ્યા અલ્પ અથવા તો શુન્યની આસપાસ થઈ જાય છે, જેને પુનર્જીવિત થતા લગભગ ૩ થી ૪ વર્ષ લાગે છે.

૨. શરૂઆતી સમયમાં કુલ ખેત ઉત્પાદનમાં ઓછા વતા પ્રમાણમાં ઘટાડો આવી શકે છે જેને કેટલાક ખેડૂતો સહન પણ નથી કરી શકતા.

મુખ્ય અવયવો:૧. જૈવિક ખાતર (ઓર્ગેનીક મેન્યોર): કાર્બનિક પદાર્થો જેવાકે છાણીયું ખાતર, સ્લરી, ભૂસું તથા અન્ય પાક અવશેષ, વર્મી કમ્પોસ્ટ, લીલો પડવાશ વગેરેના માધ્યમથી જમીન માટે જરૂરી પોષક તત્વોની માત્રા યથાવત રહે છે. તદુપરાંત ખેડૂતો સમુદ્ર અને મીઠા પાણીમાં ઉગતી બિનજરૂરી વનસ્પતિ તથા માછલીનો પણ ઉપયોગ કરી શકે છે. આ બધા તત્વોના ઉપયોગથી જમીનમાં રહેલ કુલ કાર્બનિક તત્વોની માત્રામાં વૃદ્ધિ થશે જેને પરિણામે જળસંગ્રહ ક્ષમતામાં વધારો થશે.

૨. જૈવિક જીવાત વ્યવસ્થાપન: આજની ખેતીમાં કીટકો તથા અન્ય જીવાતોનું નિયંત્રણ ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો એમ બંને માટે એક ગંભીર સમસ્યા છે. તેના નિરાકરણ સ્વરૂપે કીટકોના પ્રાકૃતિક શત્રુઓનું સંરક્ષણ રસાયણિક દવાઓના વિકલ્પ સ્વરૂપે અપનાવી શકાય છે. બાયોપેસ્ટીસાઈડ્સ અને બાયોફન્જીસાઈડ્સ જેવી જૈવિક ઉત્પાદનોના ખેતીમાં પ્રયોગ વધારવો જોઈએ. કીટકો સામે રક્ષણ આપે તેવા બી.ટી. આધારિત સ્ટ્રેઈન (જાત) પણ મહતમ ઉપયોગી બન્યા છે.

જૈવિક ખેતીની શરૂઆત કરવા માટે કોઈ ખાસ પ્રકારના વ્યવસ્થાપનની આવશ્યકતા નથી. બધા જ ખેડૂત મિત્રો આસાનીથી આ ખેતી પધ્ધતિને અપનાવી શકે છે. નાના પાયે કરવામાં આવેલો પ્રયોગ સમય જતા મોટું સ્વરૂપ ધારણ કરવામાં મદદરૂપ બને છે. પોતાની જમીનનો થોડો ભાગ જૈવિક ક્રિયાઓ દ્વારા આધારિત ખેતી માટે નક્કી કરી તેના માટે અલગથી જ એક કાર્યયોજના બનાવી જેમાં મુખ્યત્વે પાકોની પસંદગી, જૈવિક ખાદ્યોની ઉપલબ્ધતા તેમજ કીટકો અને જીવાતોના નિયંત્રણ માટેની જરૂરી જાણકારી મેળવી તેનો યોગ્ય રીતે અમલ કરવો. આજે દરેક પર્યાવરણ સંરક્ષક આ ખેતી પધ્ધતિને અપનાવવાની વાત કરે છે. પર્યાવરણ અને જમીનના સંરક્ષણ માટે જૈવિક ખેતી મહત્વની ભૂમિકા અદા કરી રહી છે. જેના માધ્યમથી પ્રદુષણ ઉત્પન્ન કરતા ઘટકો જેવાકે રસાયણિક ખાતરો, જંતુનાશક, નિંદણનાશક વગેરેના વપરાશમાં ઘટાડો કરી જમીનની અંદર રહેલા ફાયદાકારક સુક્ષ્મજીવોના સંતુલન જાળવવામાં મદદરૂપ બને છે. આજે રાસાયણીક ખાતરો અને જંતુનાશકોના દિન પ્રતિદિન વધતા ઉપયોગથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ વધવા લાગી છે. આમ, જૈવિક ખેતીની જરૂરિયાત અને સંભાવનાઓ દિન પ્રતિદિન વધતી જઈ રહી છે.





એક ખેતરમાં અનેક પાક, જમીનને પોષણ અને ખેડૂતની આવકમાં વૃદ્ધિની તક

'સહજીવન મિશ્ર પાક પધ્ધતિ' અપનાવી પ્રાકૃતિક ખેતીને બનાવો વધુ ટકાઉ અને ફાયદાકારક



રિદ્ધિ ત્રિવેદી

ખેતીમાં એક જ પાક પર આધારિત રહેવાને બદલે મુખ્ય પાકની સાથે તેને અનુકૂળ બીજા પાકોનું વાવેતર કરવામાં આવે તો જમીનના સ્વાસ્થ્યનું જતન કરવાની સાથે આવકના નવા વિકલ્પો ઊભા થઈ શકે છે. પ્રાકૃતિક કૃષિમાં 'સહજીવન મિશ્ર પાક પધ્ધતિ' પાકોની વિવિધતાનો ઉપયોગ કરીને જમીન, પાણી અને કુદરતી સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની મહત્વપૂર્ણ પધ્ધતિ છે.

આ પધ્ધતિમાં પાકની પસંદગી કરતી વખતે તેનાં મૂળની ઊંડાઈ, વૃદ્ધિનો સમયગાળો, પાણીની જરૂરિયાત અને સૂર્યપ્રકાશની આવશ્યકતા ધ્યાનમાં લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ઘઉં સાથે ચણા, મસૂર કે વટાણા જેવા દ્વિદળી પાકોનું યોગ્ય આયોજન કરી શકાય છે. કપાસ કે તુવેર જેવા પાકોની સાથે મગ અથવા અડદ જેવા પાકો પણ સ્થાનિક પરિસ્થિતિ અને યોગ્ય અંતરને ધ્યાનમાં રાખીને ઉગાડી શકાય છે. દ્વિદળી પાકો જમીનના પોષકચક્રમાં યોગદાન આપે છે, જ્યારે જમીનને ઢાંકતા તરબૂચ, ચીભડા અને કાકડી જેવા પાકો ભેજ જાળવવામાં મદદરૂપ થઈ શકે છે.


મિશ્ર પાક પધ્ધતિમાં મકાઈ, ગલગોટા, ચોળી, રાઈ અને બાજરા જેવા પાકોનું યોગ્ય આયોજન ખેતરમાં ઉપયોગી કીટકોને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં મદદ કરી શકે છે. આથી, કુદરતી જીવાત વ્યવસ્થાપનને પ્રોત્સાહન મળે છે. સાથે જ એક કરતાં વધુ પાક ઉગાડવાથી વિવિધ પાકોમાંથી આવક મેળવવાની તક ઊભી થાય છે અને એક જ પાક પરની નિર્ભરતા ઘટાડી શકાય છે. ખેડૂતોએ મિશ્ર પાક અપનાવતાં પહેલાં પોતાની જમીન, પાણીની ઉપલબ્ધતા, હવામાન અને બજારની માંગનો અભ્યાસ કરવો જોઈએ. કૃષિ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ નાના વિસ્તારમાં પ્રયોગ કરીને ઉત્પાદન અને ખર્ચનું મૂલ્યાંકન કરવું હિતાવહ છે. આમ, 'સહજીવન મિશ્ર પાક પધ્ધતિ' પ્રાકૃતિક ખેતીને વધુ ટકાઉ બનાવવાની દિશામાં ઉપયોગી અભિગમ છે. પાકોની યોગ્ય પસંદગી અને વૈજ્ઞાનિક આયોજન દ્વારા જમીનનું સ્વાસ્થ્ય જાળવવા, કુદરતી સંસાધનોનો સદુપયોગ કરવા અને ખેતીને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવાની દિશામાં ખેડૂતો આગળ વધી શકે છે.

પ્રાકૃતિક કૃષિમાં કુદરતી એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા

ધર્મેશ વાળા

પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે, આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અને આવકથી નીકળી જાય છે, બોનસના રૂપમાં મુખ્ય પાક મળે છે, જેનાથી ખેડૂતોને ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. મહત્વનું છે કે, પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે-જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે, પ્રાકૃતિક ખેતીનો નારો છે. "ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં" .

પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા છે. જળચક્ર : જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાય છે. વાતાવરણ ઠંડુ થતા આ વરાળ હવામાં રહેલા રજકણો ફરતે પાણીનાં બુંદ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રિય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય, સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલ પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલ પોષક તત્વો સાથે મૂળ પ્રદેશમાં આવે છે અને છોડને જરૂરી ભેજ અને પોષકતત્વો પૂરાં પાડે છે. આમ, જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકસાન નથી થતું, અછતના સમયે છોડને જરુરી ભેજ મળી રહે છે. ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલ કાર્બન ડાયોક્સાઈડના સંયોજનથી થાય છે. આથી, પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરુરીયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ ટકા જરુરિયાત સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્સા, આચ્છાદન અને મિશ્રપાક પધ્ધતિના આયામોથી આવું જરુરી વ્યવસ્થાપન થાય છે. નાઈટ્રોજનચક્ર : પાકની વૃદ્ધિ માટે નાઈટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઈટ્રોજન બે પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. જ્યારે આકાશમાં વીજળી થાય છે ત્યારે ટનબંધ નાઈટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી દ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું દ્વારા નાઈટ્રોજનનું સ્થાપન તથા છોડને જરુરી સ્વરુપમાં પરિવર્તન થાય છે. પ્રાકૃતિક કૃષિ પધ્ધતિમાં નાઈટ્રોજન ચક્રના કારણે પાકને બહારથી અન્ય કોઈ ખાતર આપવાની જરૂરિયાત રહેતી નથી.



નેપાળમાં ભારે હિમવર્ષા વચ્ચે છ ભારતીય પ્રવાસીઓ સંપર્ક વિહોણા

નેપાળ,તા.૦૧

નેપાળના હિમાલયી ક્ષેત્રમાં આવેલા શે-ફોક્સુંડો તળાવ તરફ ટ્રેકિંગ કરી રહેલા બે મહિલાઓ સહિત છ ભારતીય પ્રવાસીઓ ભારે હિમવર્ષા વચ્ચે ગુમ થયા છે. સ્થાનિક લોકોએ પ્રતિકૂળ હવામાન અંગે આપેલી ચેતવણી છતાં પ્રવાસીઓએ યાત્રા ચાલુ રાખી હતી અને બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાતને કારણે સર્જાયેલી હિમવર્ષામાં તેઓ ફસાઈ



ગયા હોવાની શંકા છે.

નુમલા પાસ અને બાગલા પાસ વિસ્તારોમાં પ્રવાસીઓ છેલ્લે જોવા મળ્યા હતા. આ વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી ન હોવાથી વહીવટીતંત્ર માટે તેમનો સંપર્ક સાધવો કે ચોક્કસ લોકેશન મેળવવું મુશ્કેલ બની રહ્યું છે.

ગુમ થયેલા પ્રવાસીઓની શોધખોળ માટે નેપાળી સેનાની ટીમ તૈનાત કરવામાં આવી છે અને હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. જોકે, ભારે બરફવર્ષા અને ખરાબ હવામાનને કારણે બચાવ કાર્યમાં મોટા વિઘ્નો આવી રહ્યા છે. સ્થાનિક વહીવટીતંત્રે અન્ય પ્રવાસીઓને સલામત સ્થળે રહેવા સૂચના આપી છે.

પાંચમી T20માં ન્યૂઝીલેન્ડની ભારત સામે ૭ વિકેટે જીત: ભારતે શ્રેણી ૩-૨થી કબજે કરી

હેમિલ્ટન,તા.૦૧

હેમિલ્ટનના સેડન પાર્ક ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ ૨૦ મેચમાં ન્યૂઝીલેન્ડે ભારતને ૭ વિકેટે પરાજય આપ્યો હતો. જોકે, ભારતે ૫ મેચોની શ્રેણી ૩-૨થી પોતાના નામે કરી લીધી છે.



ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ભારતે ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૯૧ રન બનાવ્યા હતા. ઈશાન કિશને ૬૧ રન અને કેપ્ટન શ્રેયસ અય્યરે ૫૦ રનની આક્રમક ઈનિંગ રમી હતી. નમન ધીરે ૩૩ અને નીતિશ રેડ્ડીએ ૨૨ રનનું યોગદાન આપ્યું હતું. ન્યૂઝીલેન્ડ તરફથી એડમ મિલ્ને સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી.

૧૯૨ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમે ૧૮ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. ટિમ સીફર્ટે ૯૩ રન અને ગ્લેન ફિલિપ્સે અણનમ ૬૫ રન બનાવી ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભારત તરફથી અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને નીતિશ કુમાર રેડ્ડીએ ૧-૧ વિકેટ લીધી હતી.

રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં રૂ.૧૦ નો વધારો

નવી દિલ્હી,તા.૦૧

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ૧ નવેમ્બરથી ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કર્યો છે. દિલ્હીમાં તેની કિંમત ૨૮૧૦ રૂપિયાથી વધીને ૨૮૨૦ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ ૧ ઓક્ટોબરે પણ તેના ભાવ વધારાયા હતા.




સામાન્ય જનતા માટે રાહતની વાત એ છે કે ઘરેલુ ૧૪.૨ કિલોગ્રામ એલપીજી સિલિન્ડર, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ હોવા છતાં કંપનીઓએ ઘરેલુ વપરાશના બળતણના દર સ્થિર રાખ્યા છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને પત્રકાર નિધિ રાઝદાનના લગ્ન ગેરકાયદેસર : મૌલાના મુફ્તી

બરેલી,તા.૦૧

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવીએ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને પત્રકાર નિધિ રાઝદાનના લગ્ન વિરુધ્ધ ફતવો બહાર પાડ્યો છે.

તેમણે જણાવ્યું કે ઈસ્લામિક શરિયત અનુસાર લગ્ન માટે વર અને કન્યા બંનેનું મુસ્લિમ હોવું અનિવાર્ય છે. આ કિસ્સામાં ઓમર અબ્દુલ્લા મુસ્લિમ છે, જ્યારે નિધિ રાઝદાન બિન-મુસ્લિમ મહિલા છે. મૌલાનાના જણાવ્યા અનુસાર, ઓમર અબ્દુલ્લાએ લગ્ન પહેલા નિધિ રાઝદાનને ઈસ્લામ



ધર્મમાં રૂપાંતરિત કરીને કલમા પઢાવવા જોઈતા હતા. તેમ કર્યા વિના કરવામાં આવેલા આ લગ્ન ઈસ્લામની નજરમાં સંપૂર્ણપણે ગેરકાયદેસર અને અમાન્ય છે.

ઉલ્લેખનીય છે કે ૫૬ વર્ષીય સીએમ ઓમર અબ્દુલ્લા અને ૪૯ વર્ષીય નિધિ રાઝદાન બંનેના આ બીજા લગ્ન છે. શનિવારે સોશિયલ મીડિયા પર તસવીર શેર કરીને બંનેએ આ નવા જીવનની શરૂઆત અંગે સત્તાવાર જાહેરાત કરી હતી.

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતીય જહાજ પર હુમલા બાબતે ઈરાન પર કર્યા ગંભીર આરોપ

નવી દિલ્હી,તા.૦૧

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જી-૨૦ વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન ઈરાન પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે ઈરાની શાસન ખુલ્લેઆમ ભારતીય ખલાસીઓ, તેલ અને કુદરતી ગેસ વહન કરતા વાણિજ્યિક જહાજોને નિશાન બનાવી રહ્યું છે.

રુબિયોએ જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં જહાજોની સુરક્ષિત અવરજવર વૈશ્વિક આજીવિકા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ઈરાન આ વ્યાપારી જહાજો પર હુમલો કરીને તેને પોતાની રણનીતિના શસ્ત્ર તરીકે વાપરી રહ્યું છે. જોકે, અમેરિકાની સેન્ટ્રલ કમાન્ડ આ જહાજોનું રક્ષણ કરી રહી છે. ઈરાન સાથેની વાટાઘાટો અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે રાજદ્વારી મધ્યસ્થતા ચાલુ છે અને તેની કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી નથી.

ઉના તાલુકાના ગીર ગઢડાની મુખ્ય બજારમાં ગંદકીના પ્રશ્ને વેપારીઓમાં ભારે રોષ

ઉના,તા.૦૧

ગીર ગઢડાની મુખ્ય બજારમાં ગટરનાં ગંદા પાણી ઉભરાવા, કચરાના ઢગલા અને જાહેર શૌચાલયના અભાવ સહિતના સ્વચ્છતાના પ્રશ્નોને લઈને તા. ૩૧ ઓક્ટોબરના રોજ ગીર ગઢડા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વહીવટદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



મુખ્ય બજારથી પોલીસ સ્ટેશન, બેંક ઓફ બરોડા, ગ્રામ પંચાયત અને એસટી બસ સ્ટેન્ડ સુધી ગંદા પાણી ફેલાતાં દુર્ગંધ અને આરોગ્યની સમસ્યાઓ સર્જાઈ રહી છે. ચેમ્બરના પ્રમુખ કેતનભાઈ પટેલે નિયમિત સફાઈની માંગ કરી હતી. આવેદનની નકલ ધારાસભ્ય સહિતના અધિકારીઓને મોકલી, ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી આપી હતી.

કુંકાવાવ-વડીયાના સનાળી ખાતે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ

અમરેલી,તા.૦૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં શહેરોની સમાંતરે ગ્રામ્ય વિસ્તારોના વિકાસની નેમ સાકાર થઈ રહી છે. આ કડી અંતર્ગત અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડીયા પંથકના સનાળી ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત અદ્યતન ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર છેવાડાના માનવી સુધી તમામ સરકારી યોજનાઓ અને પાયાની સુવિધાઓ પહોંચાડવા માટે કટિબધ્ધ છે. સ્થાનિક નાગરિકોને વહીવટી કાર્યો માટે બહાર ન જવું પડે તે હેતુથી આ આધુનિક સુવિધાયુક્ત ભવન તૈયાર કરાયું છે.

આ સુવિધાસંપન્ન ભવન થકી ગ્રામ્ય કક્ષાની સરકારી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓ સ્થાનિકો માટે વધુ સરળ અને ઝડપી બનશે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના હોદેદારો, સરપંચ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જસદણમાં તાલુકા સેવા સદન સામે વકીલની ઓફિસમાં EDના દરોડાથી ભારે ચકચાર

જસદણ,તા.૦૧

રાજકોટ જિલ્લાના જસદણ શહેરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ટીમે અચાનક દરોડા પાડતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. જસદણ તાલુકા સેવા સદનની સામે આવેલી એક વકીલની બંધ ઓફિસનાં તાળાં ખોલાવી દિલ્હીથી આવેલી ઈડીની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ગેમિંગ એપ્લિકેશન અને હવાલા કૌભાંડ સાથે સંકળાયેલા તાર આ ઓફિસ સુધી પહોંચ્યા હોવાની આશંકાને પગલે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તપાસ દરમિયાન અધિકારીઓ દ્વારા ઓફિસમાં રહેલા મહત્વપૂર્ણ દસ્તાવેજો, ફાઈલો, ડિજિટલ ડેટા અને શંકાસ્પદ બેંક વ્યવહારોની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જોકે, આ દરોડા અંગે સત્તાવાર વિગતો હજુ સુધી સામે આવી નથી. શાંત ગણાતા જસદણમાં કેન્દ્રીય તપાસ એજન્સીની આ કાર્યવાહીને પગલે વેપારી, રાજકીય અને કાનૂની વર્તુળોમાં ભારે ચર્ચા અને તર્ક-વિતર્ક શરૂ થયા છે. તપાસના અંતે કયા ખુલાસા થાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

નવોદય વિદ્યાલય કોડીનારમાં પોક્સો એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ઉના,તા.૦૧

કોડીનારની પીએમ નવોદય વિદ્યાલય ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, વેરાવળના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા પોક્સો અધિનિયમ-૨૦૧૨ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને બાળ જાતીય શોષણ સામે સાવચેત રહેવા અંગે સમજ આપવામાં આવી હતી. કોઈ અયોગ્ય વર્તન થાય તો માતા-પિતા કે શિક્ષકને જાણ કરવા તેમજ ચાઈલ્ડ



હેલ્પલાઈન ૧૦૯૮નો સંપર્ક કરવા માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં પીએલવી પ્રકાશ જે. મકવાણા, પ્રિન્સિપાલ એસ.વી. પાટીલ, શિક્ષક રાકેશભાઈ જોષી સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ધોરાજીમાં સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે ખોડલધામ દ્વારા પુષ્પાંજલિ



અખંડ રાષ્ટ્રના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે ધોરાજીના સરદાર ચોક ખાતે સરદાર પટેલ સાહેબની પ્રતિમાને ધોરાજી ખોડલધામ સમિતિના ભાઈઓ બહેનો અને યુવાનોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ખત્રીવાડા ગામે જિલ્લા પંચાયત સીટ સનખાડા દ્વારા પી.એમ. કિસાન સન્માન કાર્યક્રમ યોજાયો

સરપંચ, પંચાયત સદસ્યો, મહિલાઓ અને ખેડૂત મિત્રોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન

ખત્રીવાડા,તા.૦૧

ખત્રીવાડા ગામે જિલ્લા પંચાયત સીટ સનખાડા દ્વારા પી.એમ. કિસાન સન્માન કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. જેમાં સરપંચ જીતેન્દ્ર શિયાળ, પંચાયતના સદસ્યો, મહિલાઓ, સ્થાનિક



કાર્યકરો અને ખેડૂત મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન માહિતી અપાઈ હતી કે પી. એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૪મા હપ્તા પેટે ડીબીટી મારફતે દેશભરના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૩.૧૮,૬૮૦ કરોડથી વધુ અને ગુજરાત રાજ્યના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત કુટુંબોને ૩.૧,૦૫૧ કરોડથી વધુની આર્થિક સહાય સીધી તેમના ખાતામાં વિતરિત કરવામાં આવી છે. સ્થાનિક આગેવાનો અને ખેડૂતોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગીર ગઢડા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબકતા ખેડુતોમાં ચિંતા

ગીર ગઢડા,તા.૦૧

ગીર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં શુક્રવારે સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતાં કમોસમી વરસાદ શરૂ થયો હતો. ગીર ગઢડા તાલુકાના જંગલ બોર્ડર નજીક આવેલા મોતીસર, નિતલી વડલી, નગડિયા અને જશાધાર થોરડી સહિતનાં ગામોમાં ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસ્યો




તસવીર : કૈલાશ ભટ્ટ

હતો. શરૂઆતમાં આકાશમાં કાળાં વાદળો ઘેરાયાં હતાં અને ત્યારબાદ પવનના સુસવાટા સાથે વરસાદ શરૂ થયો હતો. કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતાં ગ્રામ્ય જનજીવન પર પણ તેની અસર જોવા મળી હતી. ગીર પંથકમાં અચાનક વરસેલા વરસાદને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેતરોમાં તૈયાર થયેલા પાક અને ચાલી રહેલી ખેતીની કામગીરીને નુકસાન થવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. જો વરસાદ લાંબો સમય ચાલુ રહે અથવા પવનની ગતિ વધે તો ખેતીના પાકને વધુ નુકસાન થવાની શક્યતા છે.

તાલાલા પંથકમાં સતત ત્રીજા દિવસે કમોસમી ધોધમાર વરસાદ: ખેડૂતોમાં ચિંતાનું મોજું

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આગામી બે દિવસ હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

ગીર સોમનાથ,તા.૦૧



ચોમાસાની સત્તાવાર વિદાય બાદ પણ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ૧ નવેમ્બરે વીજળીના કડાકા-ભડાકા સાથે આંકોલવાડી, આંબળાશ, બામણશા, હડમતીયા અને ગુંદરણ સહિતના ગામોમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. અચાનક આવેલી આ આફતના કારણે ખેતરોમાં લણણી માટે તૈયાર પાકને બચાવવા ખેડૂતો ભારે મથામણ કરી રહ્યા છે. બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જે મુજબ જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદ પડી શકે છે. અગાઉ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં પણ માવઠું થતાં ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

દિવાળી પર્વે ૧૨ દિવસમાં ૨,૦૦૦ બાઈક સાથે પાંચ હજાર લોકો દરિયાઈ માર્ગે સૌરાષ્ટ્ર આવશે

સુરત,તા.૦૧



દિવાળીના તહેવારોને ધ્યાને રાખી હજીરાથી ઘોઘા વચ્ચે ચાલતી રો-પેક્સ ફેરી સર્વિસમાં અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. ૧ નવેમ્બરથી ૧૨ નવેમ્બર સુધીના ૧૨ દિવસ દરમિયાન હજીરાથી ઉપડતી તમામ ટ્રિપ્સનું બુકિંગ સંપૂર્ણપણે સોલ્ડ આઉટ થઈ ચૂક્યું છે. આ સમયગાળા દરમિયાન ૨,૦૦૦થી વધુ મોટરસાઈકલ, ૪૦૦થી વધુ કાર અને ૫,૦૦૦થી વધુ મુસાફરોનું રિઝર્વેશન કન્ફર્મ થઈ ગયું છે.સુરતમાં વસતા રત્નકલાકારો અને નાના વેપારીઓ પોતાના ટુ-વ્હીલર સાથે ફેરીમાં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે, જેથી વતનમાં પહોંચ્યા બાદ પરિવાર સાથે ફરવા માટે સ્થાનિક વાહન કે ટેક્સીનો વધારાનો ખર્ચ બચી શકે. સલામત અને સમય બચાવતી આ મુસાફરી માટે ૧૫ સપ્ટેમ્બરે બુકિંગ શરૂ થતાં જ માત્ર ૧૫ દિવસમાં તમામ ટિકિટો બ્લોક થઈ ગઈ હતી. દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ આ તમામ મુસાફરો અને વાહનો ઘોઘાથી હજીરા પરત ફરશે.

રાજકોટમાં સગીર વિદ્યાર્થિનીનું એક વર્ષ સુધી શોષણ, યુવકની ધરપકડ

રાજકોટ, તા.૦૧

રાજકોટના રૈયાધાર વિસ્તારમાં સગીરાની સુરક્ષાને લઈને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી એક યુવકે એક વર્ષ દરમિયાન ૨૨ વખત દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. નવરાત્રિ દરમિયાન બહેનપણી મારફતે દીપ હમીરભાઈ મિયાત્રા સાથે તેની ઓળખાણ થઈ હતી. ત્યારબાદ યુવકે મિત્રતા કેળવી વિશ્વાસ જીતી લીધો હતો. આરોપી સગીરાને રાજકોટ ઉપરાંત દ્વારકા અને સાસણ ફરવા લઈ ગયો હતો. આ દરમિયાન તેના ફોટા અને વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી વારંવાર શારીરિક શોષણ કર્યાનો આક્ષેપ છે.

આ મામલે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં હાઈપ્રોફાઇલ દારૂ પાર્ટી પર પોલીસના દરોડા, ૪૩ પુરુષો અને ૩૩ મહિલાઓ ઝડપાયાં

રાજકોટ,તા.૦૧



રાજકોટના કાલાવડ રોડ પર આવેલી સરાઝા હોટલમાં એલસીબી પોલીસે દરોડો પાડી દારૂ અને હુક્કાની મહેફિલ માણતા ૪૩ પુરુષો અને ૩૩ મહિલાઓ સહિત કુલ ૭૬ લોકોને ઝડપી પાડ્યા હતા. ડેકોરા બિલ્ડર ગ્રુપ સાથે સંકળાયેલા ચિરાગ પટેલના જન્મદિવસ નિમિત્તે આ પાર્ટી યોજાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. હોટલના બેન્કવેટ હોલમાં યોજાયેલી પાર્ટી દરમિયાન પોલીસની રેડ પડતાં અફરાતફરી મચી હતી. પોલીસે વિદેશી દારૂની બોટલો અને હુક્કા કબજે કર્યા હતા. ઉપરાંત ૧૫થી વધુ કેટરિંગ સ્ટાફની પણ અટકાયત કરી હતી. તમામને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.


રાજ્યમાં રવિ પુષ્ય નક્ષત્રનાં શુભ મુહૂર્તમાં સોના-ચાંદીની બંપર ખરીદી

અમરેલી,તા.૦૧

રવિ પુષ્ય નક્ષત્રના અત્યંત શુભ મુહૂર્તને પગલે અમરેલી સહિત સમગ્ર રાજ્યની સોના-ચાંદી બજારોમાં કરોડો રૂપિયાનો વેપાર નોંધાયો છે. છેલ્લા ત્રણ દિવસમાં ગોલ્ડના ભાવમાં થયેલા ઘટાડાને કારણે લોકોએ ધનતેરસ પહેલા જ આજના પવિત્ર દિવસે ખરીદી કરવાનું પસંદ કર્યું હતું. વહેલી સવારથી જ નિલકંઠ જવેલર્સ, મધુવન ગોલ્ડ,આર્ટ, યમુના જવેલર્સ, પાર્થ જવેલર્સની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી.શુભ મુહૂર્તમાં સોનું કે ચાંદી ખરીદવું સમૃદ્ધિ અને ધનલાભનું પ્રતીક મનાતું હોવાથી લોકોએ સોનાના દાગીના, સિક્કા અને ચાંદીના વાસણોની મોટાપાયે ખરીદી કરી હતી. આ માટે ઘણા ગ્રાહકોએ અગાઉથી જ એડવાન્સ બુકિંગ પણ કરાવ્યું હતું. ગયા વર્ષની સરખામણીએ ભાવ વધુ હોવા છતાં, તાજેતરના ઘટાડાને વધાવીને લોકોએ ઉત્સાહભેર ખરીદી કરી હતી.

સૌરાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિ વચ્ચે બે ખેડૂતોએ આત્મહત્યા કરતાં ચકચાર

અમરેલી,તા.૦૧



ગુજરાતમાં નબળા ચોમાસાને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. કપાસ અને મગફળીના પાકને નુકસાન થવાની ભીતિ, દેવું અને પશુધન માટે ઘાસચારાની ચિંતાએ ખેડૂતોની મુશ્કેલીઓ વધારી છે. આ દરમિયાન જામનગર જિલ્લાના વાવડી ગામના ૪૭ વર્ષીય હેમંત મકવાણા અને અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ૫૫ વર્ષીય કનુભાઈ ઊનાવાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી છે. બંને ખેડૂતો પાક નિષ્ફળ જવાની ભીતિ અને આર્થિક સંકડામણથી ચિંતિત હોવાનું જણાવાયું છે. રાજ્યના ચાર જિલ્લાઓમાં દુષ્કાળ જાહેર થયો છે, જ્યારે અન્ય વિસ્તારોમાં સિંચાઈના પાણીની અછતથી ખેડૂતો મુશ્કેલીમાં છે. ખેડૂતોને રાહત, સિંચાઈનું પાણી અને આર્થિક સહાય પૂરી પાડવાની માંગ ઊઠી છે.

જામનગરમાં બે વૃધ્ધોની હેવાનિયત: ૧૨ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરી માતા બનાવી

જામનગર,તા.૦૧



જામનગર શહેરમાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. ૬૫ અને ૬૬ વર્ષની ઉંમરના બે વૃધ્ધોએ ૧૨ વર્ષની સગીરા પર વારંવાર શારીરિક અત્યાચાર ગુજાર્યાનો આક્ષેપ છે. આ અત્યાચારના કારણે બાળકી ગર્ભવતી બની હતી. તબિયત બગડતાં પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તેણે બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ બાળકીની પૂછપરછમાં સમગ્ર હકીકત બહાર આવી હતી. પરિવારે સિટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે. લોકો આરોપીઓને કડક સજા કરવાની માંગ કરી રહ્યા છે.

અમરેલીમાં રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કર્યું

અમરેલી,તા. ૦૧



'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત અમરેલીની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે સઘન સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. જેમાં રાજ્યના કાયદા અને ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ઉપસ્થિત રહી શ્રમદાન કર્યું હતું. તેમણે જાતે સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ દરમિયાન હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ દર્દીઓને અપાતી આરોગ્ય સેવાઓ અને સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. હોસ્પિટલ પરિસરમાંથી કચરો, પ્લાસ્ટિક અને સૂકાં પાંદડાં દૂર કરવામાં આવ્યાં હતાં. નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ પણ જોડાયા હતા. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી (ઇન્ચાર્જ) કે.જે. જાડેજા, જિલ્લા આંકડા અધિકારી ગોહિલ સહિતના અધિકારીઓ અને હોસ્પિટલના તબીબી સ્ટાફે શ્રમદાન કર્યું હતું.

SIR મામલે દિલ્હીના રામલીલા મેદાનમાં ગુજરાત કોંગ્રેસના ૩૦૦૦ નેતાઓ અને કાર્યકરો જોડાયા



દિલ્હી,તા. ૦૧

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓના આક્ષેપ સાથે ઈન્ડિયા (INDIA) ગઠબંધન દ્વારા દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિરોધ પ્રદર્શનમાં ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને શક્તિસિંહ ગોહિલ સહિત રાજ્યમાંથી આશરે ૩૦૦૦ જેટલા નેતાઓ, કાર્યકર્તાઓ તેમજ NSUI, યુથ કોંગ્રેસ અને મહિલા કોંગ્રેસના સભ્યો બસો અને ટ્રેનો મારફતે દિલ્હી પહોંચીને રેલીમાં જોડાયા હતા.કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાયેલી આ રેલીમાં કાર્યકરોએ 'વોટ ચોર ગદ્દી છોડ' જેવા સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની માંગ કરી આક્રમક દેખાવો કર્યા હતા.





